Digital Transaction – Cashless society Training Module

First Edition – February 2017

Cosmo Foundation

Vemardi Road, Off. N.H.No. 8, Near Inox, Village : Navi Jithardi

Taluka: Karajan, Dist. Vadodara – 391240, Gujarat, India

Ph.: +91 2666 231762, 232508, Fax: +91 2666 232961

E-mail : cosmo_foundation@yahoo.in, mamtabaxi.cosmofoundation@cosmofilms.com

Data Collaction and Module Development

Saudamini Kadu: She is graduate of Electronics Engineering from MS University. She is currently studying Faculty of Social Work, Master of Human Resource Management and connected with Cosmo Foundation for Rural internship for 6 months.

Publisher

Cosmo Foundation

Vemardi Road, Off. N.H.No. 8, Near Inox, Village: Navi Jithardi

Taluka: Karajan, Dist. Vadodara – 391240, Gujarat, India

Ph.: +91 2666 231762, 232508, Fax: +91 2666 232961

E-mail : cosmo_foundation@yahoo.in, mamtabaxi.cosmofoundation@cosmofilms.com

Note: This Document is published only for inhouse application of Cosmo Foundation.No part of this Publication may be reproduced or distributed in any from or by any means without the prior written permission of the Publisher.

FOREWORD

India is on its journey to becoming a Digital Society. Over a period of time, we all have realized that this vision of Digital India cannot be complete without digitalizing the payments system in our country. A cashless environment is completely dependent on a robust digital payments system, which is fast developing but still to reach a large part of rural economy and that is the reason most of the retail payment transactions in our country continues to be in cash.

The biggest challenge is to digitize payments initiative to the interiors of India especially in the rural areas of the country – which accounts for about 68% of total population of India.

The present module on Digital Payment Transactions-Cashless Society is an initiative of Cosmo Foundation to promote and explain how digital payment system works and induce behavioral change in the rural mindset. The module has been conceived to address present scenario in our country especially due to lack of information in local language through a single window and lack of skills and technical knowhow.

The module contains historical perspective of various forms of transactions from princely states to colonial eras to democratic rulers and finally Reserve Bank of India (RBI) led transactions. It primarily focuses detailed explanation on different methods of digital payments explaining thereby in a systematic step by step simple approach with lucid local folk language.

I believe this Module will prove to be an effective tool to empower digital payments in rural India, especially marginalized, under-privileged and information-dark deprived communities.

Since inception, Cosmo Foundation (CF)is persistently marching ahead to ignite the mindsets and enhance the skills of young students of rural marginalized community and puts its best endeavor to boost confidence amongst rural youth through quality education. CF imparts skill training on computer operation and exposes them on digital skills by rigorous training on online operations for admission forms, RTO license tests. CF is now extending its outreach with a systematic gradual approach to train the rural communities towards cashless transactions.

Anil K Jain
Whole Time Director
Cosmo Films Limited
New Delhi

આમુખ

ભારત આજે ડિજિટલ સોસાયટી બનવાના માર્ગ પર છે. સમય જતાં આપણને આત્મસાત થયું કે જ્યાં સુધી નાણા ની આપ લે કે ચુકવણી ડિજિટલ માધ્યમથી ના થાય ત્યાં સુધી ડિજિટલ ઈન્ડિયાનું સપનું સાકાર નહી થાય. રોકડા નાણા વિનાની પારદર્શી અર્થવ્યવસ્થા એક શક્તિશાળી ડિજિટલ પદ્ધતિથી નાણાકીય આપ લેની પ્રણાલી ઊપર જ આધાર રાખે છે. ડિજિટલ આપ લે ની પ્રણાલી હવે બહુ જ ઝડપથી વિકસિત થઈ રહી છે.

પરંતુ હાલમાં મોટાભાગની છુટક ચુકવણી નગદથી એટલે કે રોકડા નાણા થી જ થાય છે. ડીજીટલ ક્રાંતિ સામે સૌથી મોટો પડકાર છે અંતરિયાળ ગામો કે જ્યાં ૬૮% લોકો વસે છે ત્યાં ડિજિટલ પદ્ધતિથી નાણાકીય આપ લે વિષય પર જાગૃતિ, સાચા શિક્ષણ અને કૌશલ્ય નિર્માણની તક ઉભી કરવી.

આ માર્ગદર્શિકા દ્વારા ડિજિટલ ટ્રાન્ઝેક્શન – કેશલેસ સોસાયટી વિષયપર સાચી સમજ કેળવવાની કૉસ્મો ફાઉન્ડેશનની એક પહેલ છે . જેનો મુખ્ય હેતુ છે ગ્રામીણ લોકોને ડિજિટલ પેમેન્ટ પ્રણાલી કેવી રીતે કાર્યરત છે તેની સાચી ,સરળ ભાષામાં, પૂર્ણ સમજ આપવી અને તેમનામાં વ્યાવહારિક પરિવર્તન લાવવું. આ પ્રકલ્પની યોજના આજની દેશની જરૂરિયાતને ધ્યાનમાં લઈને એક જ જગ્યાએથી સમપૂર્ણ માહિતી મળે અને ટેકનીકલ કૌશલ્ય માર્યાદિત અથવા નહીવત હોઈ તે સમુદાયના યુવાનો ,બહેનો,ભાઈઓ આ વિષયમાં કૌશલ્ય પ્રાપ્ત કરે.

આ મૉડ્યુલમાં વળતરની ચુકવણીની ઐતિહાસિક પરીપેક્ષમાં માહિતી જેમ કે રજવાડોના કાળથી અંગ્રેજોના કાર્યકાળ અને લોકશાહીના કાળ સુધી અને હવે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા નિયંત્રિત લેવડ-દેવડ સુધીની માહિતીનો સમાવેશ કરવામાં અવ્યો છે. ડિજિટલ પેમેન્ટના વિવિધ પ્રકારોની વિગતવાર સમજૂતિ તબક્કાવાર, સરળ, અને રોચક સ્થાનીય ભાષામાં વ્યવસ્થિત રીતે આપવામાં આવી છે.

મને આશા છે કે આ મૉડ્યુલ ગ્રામીણ વિસ્તારના છેવાડાના , જરૂરિયાતમંદ અને યોગ્ય માહિતીના અભાવ ના કારણે વંચિત રહેતા લોકો માટે સશક્તિકરણનું એક માધ્યમ બની રહેશે.

કૉસ્મો ફાઉન્ડેશન શરુઆતથી છેવાડાનાં , અપૂરતા સંસાધનો અને અપૂરતી તકોના કારણે મુખ્યધારાનાં વિકાસના પરિમાણો થી વંચિત યુવા ગ્રામીણ વિદ્યાર્થિઓનાં જીવનમાં ગુણવતાસભર અને કૌશલ્ય વર્ધન દ્વારા આત્મવિશ્વાસની જ્યોત જગાવવા માટે પ્રયત્નશીલ છે. કૉસ્મો ફાઉન્ડેશન કૉમ્પ્યુટર ઑપરેશનના પ્રશિક્ષણ દ્વારા ડિજિટલ પ્રણાલી સાથે ગ્રામીણ યુવાનોમાં પરિચય કરાવવાનું કાર્ય શરૂઆતથી જ કરે છે જેમ કે ઑન લાઈન પ્રવેશપત્ર ભરવાનું, આરટીઓની લાયસેન્સ માટેની ટેસ્ટ વિગેરેનું સઘન પ્રશિક્ષણ આપે છે. હવે વિસ્તાર કરીને ગ્રામીણ સમાજને કૅશલેસ પેમેન્ટ માટે સજ્જ બનવા પ્રશિક્ષિત કરવામાં સહાયકની ભૂમિકા સક્રિય રીતે અદા કરશે.

અનીલ કે જૈન
ડીરેકટર-ઓપરેશન
કોસ્મો ફિલ્મ્સ, ન્યુ દિલ્હી

અનુક્રમણિકા (Index)

ક્રમ(No.)	વિષય (Subjects)	Page No.
1	રોકડ નાણા આધારિત સમાજ અને અર્થવ્યવસ્થા (Cash- Based Society and Eaconomy)	9
2	ભારત દેશમાં ડીજીટલ ક્રાંતિ (Digital Revolution in India)	10
3	કેશલેસ સોસાયટી, તેની ,જરૂરિયાત, પ્રક્રિયા અને હેતુ (Cashless Society, Its Recuirements, Process and Purpose)	11
4	ડીજીટલ પેમેન્ટની વિવિધ પદ્ધતિઓ (Various Methods of Digital Payment)	12
4..1	બેંક કાર્ડ (Bank Cards)	12
4.2	EFT(ઈલેક્ટ્રોનીક ફંડ ટ્રાન્સફર) (Electronic Funds Transfer)	15
4.3	યુ.પી.આઈ. (U.P.I) (Unified Payments Interface)	16
4.4	ઈ-વોલેટ (E-Wallet)	20
4.5	એ.ઈ.પી.એસ. (AEPS) (Aadhar Enabled Payment System)	27
4.6	પોઈન્ટ ઓફ સ્કેલ (POS) (Point Of Scale)	30
4.7	USSD (યુ.એસ.એસ.ડી.) (Unstructured Supplementary Service Data)	33
4.8	BHIM એપ્લીકેશન (Bharat Interface for Money)	42
5	ડીજીટલ ટ્રાન્ઝેક્શનના ફાયદા (Advantages of Digital Transaction)	44
6	ડીજીટલ ટ્રાન્ઝેક્શનનાં પડકારો (Challenges of Digital Transaction)	46
7	ડીજીટલ ટ્રાન્ઝેક્શનમાં ધ્યાન રાખવાની બાબતો (Things to Keep in Mind That Digital Transaction)	47
8	ડીજીટલ ટ્રાન્ઝેક્શનમાં યુવાનોની ભૂમિકાઓ (Digital Transaction Youth Roles)	49
9	સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાં (The Steps Taken by The Government)	49
9.1	ટૂંકા ગાળાના પગલાં (Short- Term Measures)	51
9.2	મધ્યગાળાનાં પગલાં (Median Measures)	51
10	સંદર્ભ સામગ્રી (Reference)	53

ઋણ સ્વીકાર

ડીજીટલ ટ્રાન્ઝેકશન દ્વારા કેશલેસ સોસાયટીનાં નિર્માણ ની પરિયોજના ગ્રામીણ વિસ્તારનાં ભાઈઓ,બહેનો અને યુવાનો સુધી સરળ ગુજરાતી ભાષા માં પહોચાડવાના પડકાર જનક કાર્યમાં અમારા સર્વે સહયોગીઓનો અમે હ્રુદયપૂર્વક ઋણસ્વીકાર કરીએ છીએ.

સુશ્રી સૌદામિની કડુ , ઇન્ટર્ન, ફેકલ્ટી ઓફ સોશિઅલ વર્ક, એમ.એસ.યુનીવર્સીટી, વડોદરા જેમણે માહિતીના એકત્રીકરણ અને વ્યવસ્થાપનનું ભગીરથ કાર્ય હાથ ધર્યું. ફેકલ્ટી ઓફ સોશીયલ વર્ક જેમણે અમોને ટેકનીકલ માહિતી અને સંપર્કો પુરા પડ્યા.

શ્રી ધવલ ભાઈ મહેતા ,અસીસ્ટન્ટ પ્રોફેસર ,સ્કુલ ઓફ બીઝનેઝ અન્ડ લો, નવરચના યુનીવર્સીટી, જેમણે સરળ ગુજરાતીમાં થીયરી અને પ્રેક્ટીકલ તાલીમ કોસ્મો ફાઉન્ડેશન અને ગ્રાન્ટેડ શાળા નાં શિક્ષકો ને આપી .

સી.એસ.આર. સેલ , નવરચના યુનિવર્સીટી , વડોદરા જેઓ આ વિષય પર તાલીમ આયોજન ટુક સમયમાં અસરકારક પદ્ધતિ થી પૂરું પાડ્યુ.

કરજણ તાલુકાનાં કુરાલી,મેથી ,વેમાર,ચોરંદા,બોડકા,કંડારી,હાંડોદ ગામોની ગ્રાન્ટેડ શાળા નાં આચાર્યશ્રીઓ તથા શિક્ષકગણ કે જેમણે ઉત્સાહ પૂર્વક ધોરણ ૯ માં ફોર્મેટીવ અસાઇનમેન્ટ નાં માધ્યમ થી આ વિષયને વાચા આપી.

ઉપરોક્ત શાળાઓનાં ધોરણ -૯ નાં વિદ્યાર્થીઓ કે જેમણે ઉત્સાહપૂર્વક આ વિષય પર માહિતી મેળવીને એસાઇનમેન્ટ તૈયાર કર્યા .

કોસ્મો ફાઉંન્ડેશનનાં કોમ્પ્યુટર શિક્ષકો અને ક્લસ્ટર કો ઓર્ડીનેટર કે જેમણે આ વિષય પર બેંકો , વેબસાઈટ અને પ્રસાર માધ્યમોથી માહિતી મેળવી અને આ વિષય લોકો સુધી લઇ જવામાં સક્રિયતા દાખવી અને તેમના અનુભવોનો નીચોડ આ મોડ્યુલમાં સમાવિષ્ટ કરવામાં આવ્યો.

કોસ્મો ફાઉન્ડેશનનાં ટ્રસ્ટીશ્રીઓ કે જેમણે હંમેશા સાંપ્રત સમાજની જરૂરિયાત પૂરી કરવા આ વિષય પર કાર્ય કરવામાં નિઃ સંકોચ ઉત્સાહપૂર્ણ એક સોનેરી તક આપી.

કોસ્મો ફિલ્મ્સ લીમીટેડ,કરજણ અને ન્યુ દિલ્હી કે જેમણે વહીવટી સુવિધાઓ પૂરી પાડી.

પ્રસ્તાવના

આપણે સૌ જાણીએ છીએ કે હાલમાં ભારત દેશમાં ડીજીટલ ટ્રાન્ઝેક્શન અને કેશલેસ સોસાયટીનું નિર્માણ કરવાનું ભગીરથ કાર્ય વર્તમાન વડાપ્રધાનશ્રી અને રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગ રૂપે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના અનેક ક્ષેત્રો માં જુદા જુદા માધ્યમો દ્વારા પ્રજાજનો માં આ વિષય પર સમજ કેળવવાના વિવિધ પ્રયત્નો શરૂ કરવામાં આવી રહ્યા છે.

કોસ્મો ફાઉન્ડેશન પણ વર્ષ ૨૦૦૮ થી કરજણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારની સ્થાનિક પ્રાથમિક અને ગ્રાન્ટેડ શાળાઓના સહયોગથી ડીજીટલ સાક્ષરતાનાં અનુસંધાન માં ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ ને "ઉબંતું લિનક્ષ" આધારિત કમ્પ્યુટર પ્રશિક્ષણનું કાર્ય કરે છે. સાથે સાથે ઉનાળા વેકેશન દરમિયાન પણ બેઝીક કોમ્પુટર અને ઈન્ટરનેટ નેટવર્કીંગ ના સર્ટીફીકેટ કોર્ષ ચલાવે છે.

કોસ્મો ફાઉન્ડેશન "ડીજીટલ ઇન્ડિયા" વિષે ની રાષ્ટ્રીય નીતિનાં સંદર્ભમાં ગ્રામીણ વિસ્તારમાં "ડીજીટલ ક્રાંતિ" નાં સંદર્ભમાં સક્રિય રીતે કાર્યરત છે. જેના ભાગ રૂપે વર્તમાન પ્રવાહ ને ધ્યાન માં લઇ "ડીજીટલ ટ્રાન્ઝેક્શન વિષય પર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

યુવાનોમાં આ વિષયમાં પ્રેક્ટીકલ સ્કીલ દ્વારા વ્યાવહારિક માં ઉપયોગથી પ્રેક્ટીકલ સ્કીલ કેળવી ડીજીટલ ક્રાંતિ થાય ટે એક ઉદ્દેશ્ય છે,

આ મોડ્યુલની રચનાનો હેતુ ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ, શિક્ષકો, યુવાનો, મહિલાઓ, પંચાયતો સંગઠનો ડીજીટલ ટ્રાન્ઝેક્શન ની સાચી સમજ કેળવે અને વ્યવહાર માં મુશ્કેલઓ માં આ મોડ્યુલ નો ઉપયોગ કરી કેશલેસ સોસાયટીનાં નિર્માણમાં સહ્ભાગી દાખવે.

આ મોડ્યુલનો ગ્રામીણ અને શહેરી વિસ્તારનાં યુવાનો/યુવતીઓ સમજ કેળવાવય મહત્તમ ઉપયોગ કરીએ .

આપનાં સૂચનો અને મંતવ્યો માટે હમેશા તત્પર રહીશું.

(મમતા બક્ષી)
પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર
કોસ્મો ફાઉન્ડેશન

૧. રોકડ નાણા આધારિત સમાજ અને અર્થવ્યવસ્થા

મિત્રો, આપ સૌ જાણતા હશો કે પહેલાનાં જમાનામાં જયારે રોકડ નાણાં ન હતા ત્યારે કોઈ પણ સામાજિક વ્યવહારમાં લેણદેણ પ્રથા તરીકે સાટા પદ્ધતિનો ઉપયોગ થતો હતો. જેમકે જમીન ગીરવે મુકવી, સોના ચાંદીના ઘરેણા ગીરવે મુકવા, કોઈને જે વસ્તુ જરૂર હોય તે આપવી અને જયારે જે તે વ્યક્તિને જે વસ્તુ ઉછીની લીધી હોય તે જ વસ્તુ પરત આપવી. એક બીજાના ખેતરમાં વારાફરતી કામ કરવા વગેરેનો સમવેશ થતો હતો.

આ પછી રાજા રજવાડાનાં શાસનકાળ દરમિયાન મુદ્રા થકી વસ્તુની ખરીદ વેચાણની પદ્ધતિ લાગુ થઈ, જેમાં સોના-ચાંદી સિક્કાનો ઉપયોગ થતો હતો. જોકે, પ્રાચીન સમયમાં સિક્કાનો ઉપયોગ કરનારા દેશોમાં એક દેશ ભારત પણ હતો . ભારતમાં સદીઓથી સિક્કાનું ચલણ છે. પુરાતત્વ સંશોધનમાં મળેલા સિક્કા પરથી જાણી શકાય છેકે હડપ્પન સંસ્કૃતિમાં પણ સિક્કાનું ચલણ હતું ,જે ઇ.સ્.પુર્વે ૨૫૦૦ થી ૧૭૫૦ દરમ્યાનં પાંગરી હતી.

પહેલો રૂપિયો બનાવનાર શેર શાહ સુરીરાજા (૧૪૮૬–૧૫૪૫)હતો, જેનું મુલ્ય ૪૦ તાંબાની પાઇ જેટલું હતું. ૧ રૂપિયાનીં પ્રથમ ચલણીનોટ "બેંક ઓફ હિંદુસ્તાન"(૧૭૭૦-૧૮૩૨) દ્વાર બહાર પડાઇ, ત્યાર બાદ જનરલ બેંક ઓફ બંગાળ અને બિહાર (૧૭૭૩-૭૫,નિર્માતા,વોરન હેસ્ટીંગ)બંગાળ બેંક (૧૭૮૪-૯૧),તથા મદ્રાસ નીં બેંકે પણ રૂપિયાનું ચલણ રાખ્યું જેનું મુલ્ય ૧૨ ફેનમ = ૧ રૂપિયો હતું.

ભારતીય રૂપિયોએ ભારત નું રાષ્ટ્રીય ચલણ છે. જેનું નિયમન ભારતીય રિઝ઼વ બેંક કરે છે. ભારતીય રિઝ઼વ બેંક ૧૯૩૮માં ૨, ૫, ૧૦, ૫૦, ૧૦૦, ૧૦૦૦ અને ૧૦,૦૦૦ રૂપિયાની નોટો છાપીને નાણું છાપવાની શરૂઆત કરી, જ્યારે સરકારે ૧ રૂપિયાની નોટો છાપવાની સત્તા પોતાની પાસે રાખી.જેમકે ચલણી નોટો દ્વારા એક બીજા સાથે કરવામાં આવતા વ્યવહારો જેમાં રોકડ રૂપિયા આપી કોઈ પણ વસ્તુનું ખરીદ વેચાણ કરવું.

બેન્કિંગ સીસ્ટમ બાદ આધુનિક યુગમાં ઈન્ટરનેટ બેન્કિગ અને મોબાઈલ બેન્કિગ, ડેબીટકાર્ડ, ક્રેડીટકાર્ડ જેવી સિસ્ટમનો વ્યાપક ઉપયોગ વધ્યો જેના થાકી ઈ.સ .૧૯૯૦ સુધીમાં નોન-કેશ ટ્રાન્ઝેક્શન રોજીંદા જીવનમાં ઉપયોગી બન્યું. કહી શકાય કે ભારતીય અર્થતંત્ર વ્યવસ્થા પાછી એક નવા પ્રકાર ની પદ્ધતિ તરફ વળી રહી છે.

૨. ભારત દેશમાં ડીજીટલ ક્રાંતિ

ઇન્ફોર્મેશન ટેક્નોલોજી આજેભારતીય અર્થતંત્ર ની કાયાપલટ માં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ ડીજીટલ ક્રાંતિ ની ઝુંબેશ ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ .રાજીવ ગાંધીએ કરી હતી . સત્તા સાંભળ્યા બાદ સમગ્ર દેશને નવા યુગનાં, ૨૧મી સદીનાં સપનાઓ દેખાડ્યા હતા. 'હમે દેખના હૈ ઔર હમ યે દેખેંગે'નો તેમનો એ વખતનો ખુબ લોકપ્રિય વાક્ય છે.પ્રવર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ડીજીટલ ઇન્ડિયા નો વિચાર રજુ કરીને લોકો માં ફરી એક નવી આશા જગાડી છે.

ઇન્ટરનેટની સેવાઓએ ભારતમાં છેલ્લા થોડા વર્ષમાં જે હરણફાળ ભરી તેમાં સૌથી મોટો ફાળો સ્માર્ટ ફોનનો છે. લોકો લેપટોપ કે ડેસ્કટોપ પરથી સોશીયલ નેટવર્કનો જેટલો ઉપયોગ નથી કરતાં તેટલો ઉપયોગ સ્માર્ટ ફોનનો કરે છે. જો માઈક્રોમેક્સ, ઇન્ટેક્ષ, લાવા, નોકિયા, ચાઈના કે અન્ય મોબાઈલ કંપનીઓએ સસ્તા દરે ભારતમાં મોબાઈલ વેચ્યા ન હોત તો કોકો ઈન્ટરનેટનો આટલો બધો ઉપયોગ કરતાં થયાં હોત. પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવવાથી માંડીને રીક્ષાવાળા, લારીવાળા, દૂધવાળા, શાકવાળા, બધાજ સ્માર્ટ ફોન વાપરતાં થઇ ગયા. સાથો સાથ સાથોસાથ ફ્લિપકાર્ટ,સ્નેપડીલ જેવી ઈ કોમર્સની કંપનીઓ દ્વારા ઓનલાઈન શોપીંગમાં જંગી ડિસ્કાઉન્ટ આપવાને કારણે જે લોકો ઓનલાઈન શોપિંગથી દૂર હતાતે બધા જ ઓનલાઈન શોપિંગ તરફ . .વળી ગયાં છે

હવે ભારત સરકારે ડીજીટલ ઇન્ડિયા જેવા પ્રોજેક્ટ ની શરૂઆત કરી ને ડીજીટલ ક્રાંતિ નાં આ સફર માં હજુ એક સાહસિક પાગલ ભર્યું છે. ડીજીટલ ઇન્ડિયા પ્રોગ્રામનું લક્ષ્ય છે કે આખા ભારતને ઈન્ટરનેટથી જોડીદેવું .ઇન્ડિયા લાઈવ સ્ટેટ્સના એક રીપોર્ટ મુજબ ૨૦૧૬ સુધીમાં ભારતમાં અંદાજે ૪૬ કરોડ લોકો ઈન્ટરનેટ વાપરી રહ્યા છે મતલબ કે કુલ વસ્તીના લગભગ ૩૫% . હવે જો વાત પીઓએસ કે મોબાઈલ બેન્કિંગ ની કરીએ તો ગ્રામીણ વિસ્તારોમાં મોબાઈલ ઈન્ટરનેટની પહોચ હજુ માત્ર ૧૦ થી ૧૫% જેટલી છે.

આ પછી ભારત સરકારે કેશલેસ સોસાયટીનાં નિર્માણ માટે અનેક પગલાઓ ભર્યા. ડીજીટલ ઇન્ડિયાનો નારો આપનાર મોદી સરકાર નોટબંધીને ડીજીટલ પેમેન્ટ કે કેશલેશ ઈકોનોમીનો વિસ્તાર લાગુ કરવા માટેનો એક સોનેરી અવસર માની રહી છે .દુનિયામાં સૌથીં વધુ યુવાનો ધરાવતો અને પુર ઝડપે ડીજીટલ ક્રાંતિ તરફ જતા ભારતમાં ડીજીટલ પેમેન્ટ અને કેશલેશ ઈકોનોમી ને વધતા વાર નથી જ લાગવાની એ હકીકત છે પરંતુ તેની સફળતાનો મુખ્ય આધાર ગ્રામીણ અને અંતરીયાળ વિસ્તારોમાં કેટલી ડીજીટલ ક્રાંતિઆવે છે એના પર છે કેમકે આખરે મોટાભાગનું ભારત તો ત્યાં જ વસે છે ને? એવું નથી કે ભારત સમ્પૂર્ણ કેશલેશ થઇ શકશે કે નહી પણ આ સ્થતિમાં અંદાજે અર્ધો પણ ફેર આવી શકતો હોય તો એ અંતરીયાળ માટે વધુઅને દેશની અર્થવ્યવસ્થા માટે વધારે સારી બાબત બની રહેશે એમાં કોઈ શક નથી જ . દુર ગામડામાં બેઠેલો ખેડૂત મોબાઈલ કે ઈન્ટરનેટથી ખેતીની ખરીદીવેચાણ કરી-શકશે અને હું ને તમે નજીકના કરીયાણાવાળાને ત્યાં પીઓએસ પર બીલ ચૂકવી શકશુંત્યારે જ કેશલેસ ઇકોનોમીની સાચી શરૂઆત થઇ ગણાશે.

૩. કેશલેસ સોસાયટી, જરૂરિયાત, પ્રક્રિયા, હેતુ

કેશલેસસોસાયટી એટલે કે નાણા વિના ક્રેડીટ કાર્ડ,મોબાઈલ,આધારકાર્ડ નંબર, કોમ્પ્યુટર જેવા ઇલેક્ટ્રોનીક્સ માધ્યમોથી કોઈ પણ વસ્તુની લેવડ – દેવડ કરવી.

➢ જરૂરિયાત:

કાળું નાણું એ ભારતના અર્થતંત્ર માટે અભિશાપ છે. ભારતમાં નાણાકીય વ્યવહાર કરવાના એવા વિશાળ નેટવર્ક પ્રવર્તમાન છે જેમાં સૌથી વધુ બ્લેકમનીની આપ-લે થાય છે. અલબત્ત, ભારતમાં બેંક સિવાય એવી બચત કરવામાં આવે છે જે પરોક્ષ રીતે કાળાં નાણાંને સમર્થન આપે છે. એક અહેવાલ અનુસાર આર્જેન્ટિના દેશના જીડીપી કરતાં વધુ ભારતમાં દર વર્ષે કાળું નાણું ફરે છે. આ આંકડો ૪૬૦ બિલિયન ડૉલરનો બતાવવામાં આવે છે. કાળું નાણું આટલું વ્યાપક હોવાનું કારણ ભારતમાં રોકડમાં થતા વ્યવહારો બતાવવામાં આવી રહ્યા છે. નાની પેઢીથી લઈને શહેરોમાં મોટાભાગના નાણાકીય વ્યવહારો રોકડમાં કરવામાં આવે છે. કેન્દ્ર સરકારે બ્લેક મની જાહેર કરવાની યોજના બહાર પાડી છે અને તેના માટે એક તપાસ સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિએ સરકારને સૂચન કર્યું હતું કે, જો કાળા નાણાંનો વ્યાપ ઘટાડવો હોય તો નક્કર નિયમો બનાવવા પડશે. અને કોઈપણ વ્યક્તિ પંદર લાખથી વધુ રૂપિયા પાસે રાખી શકશે નહીં. સરકાર આ બાબતે રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાને સાથે રાખીને કેશલેસ ટ્રાન્ઝેક્શન બાબતે પરિયોજના હાથધરી છે.

દેશની વ્યવસ્થામાંથી **કાળું નાણું અને** ભ્રષ્ટાચાર દૂર કરવા તે ટોચની પ્રાથમિકતા : વડાપ્રધાને નોટબંધીના મુદ્દે કહ્યું કે ...**કેશલેસ અને** ડિજીટલ અર્થવ્યવસ્થાની આજે દેશને સૌથીં વધારે જરૂર છે.

➢ પ્રક્રિયા:

- ઈ કોમર્સ કંપનીઓને ઝડપી બનાવવી.
- ડીજીટલ બેન્કિંગ નું પ્લેટફોર્મ પૂરું પાડવું.

➢ હેતુ:

- નાણાકીય લેવડ દેવડમાં પારદર્શિતા અને કળાનાણાનો વ્યાપ ઘટાડવો.
- નોટો છાપવા માટે અને રોકડા નાણાના વ્યવસ્થાપનનો વહીવટી ખર્ચ ઘટાડવો.
- ડીજીટલ ટ્રાન્ઝેક્શનના માધ્યમથી નકલી ચલણની નાબુદી થાય અને આતંકવાદ રોકવામાં સીધી મદદ મેળવવી

૪. ડીજીટલ પેમેન્ટની વિવિધ પદ્ધતિઓ



૪.૧. બેંક કાર્ડ



પીઓએસ અને કાર્ડના સ્ટેપ

બેંક દ્વારા તેમના ખાતાધારકને આપવામાં આવતા કાર્ડ	તમારા કાર્ડનો વપરાશ	પ્રીપેઇડ કાર્ડ
પ્રીપેઇડ કાર્ડ ડેબિટ કાર્ડ ક્રેડીટ કાર્ડ	કોઇ પણ પોઇન્ટ ઓફ સર્વિસ પર એટીએમ પર ઓનલાઇન શોપીંગ	પ્રીલોડેડ કાર્ડ કેશની જેમ જ વપરાશ રીચાર્જ કરી શકાય એટીએમ, પીઓએસ પર વપરાશ કરી શકાય

➢ ડેબિટ કાર્ડ

ખરીદેલ વસ્તુની ચુકવણી રોકડ રકમથી ચુકવ્યા વગર ડેબિટ કાર્ડથી પણ ચુકવી શકાય છે.કોઇ દુકાન અથવા કોઇ સંસ્થામા તમે ડેબિટ કાર્ડ દ્વારા તમારા ખાતામા થી સીધી ચુકવણી કરી શકો છો.ડેબિટ કાર્ડ એ ઉધાર લેવા નો રસ્તો નથીબેંકો સામાન્ય રીતે આ સવલત નો કોઇ ખર્ચ લેતી નથી.તમારે ચુકવણી કરતા પહેલા ધ્યાન રાખવુ જોઇએ કે તમારા ખાતામા પુરતી રકમ જમા છે કે નહિદુકાનો મા રહેલ ઇલેક્ટ્રોનિક કાર્ડ રીડર દ્વારા તમારા કાર્ડથી થતી ચુકવણીની પુષ્ટી બેંક દ્વારા કરવામા આવે છે.તેનો ઉપયોગ ઇન્ટરનેટ અથવા ફોન દ્વારા થતી ચુકવણી માટે પણ થઇ શકે છે.

➢ ATM કાર્ડ

ATM કાર્ડ આપણને આપણા ખાતામા થી રોકડ રકમ ઉપાડવાની સવલત આપે છે. **ATM (Automated Teller Machine).**આ વ્યવસ્થાના લીધે આપણને 24 કલાક પૈસા ઉપાડવાની સગવડ મળી રહે છે.**ATM** કાર્ડ વાપરવા માટે **personal identification number** એટલે કે **PIN** ની જરૂર પડે છે.આ એક 4 આંકડાનો નંબર હોય છે જે આપણે યાદ રાખવો પડે છે અને ગુપ્ત રાખવો પડે તમે બીજી બેંકો મા પણ તમારૂ **ATM** કાર્ડ વાપરી શકાય પણ એ ધ્યાન રાખવુ. કે બીજી બેંક તેનો ખર્ચ તમને લગાવે.

➢ ક્રેડિટ કાર્ડ

ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ અને ATM કાર્ડ કરતા અલગ પ્રકારનુ હોય છે ક્રેડિટ કાર્ડનુ અલગ ખાતુ હોય છે. અને તેમા તમે ઉધારી કરી શકો છો.તમે તમારી પોતાની બેંકમા કે બીજી બેંકમા તેના માટે અરજી કરી શકો છો.ઘણી બેંકો વિવિધલક્ષી કાર્ડ આપે છે જે ATM કાર્ડ તેમજ ડેબિટ કાર્ડ બંને તરીકે વાપરી શકાય

➢ કાર્ડ ખોવાઇ જવું અથવા ચોરાઇ જવુ

જો તમે ડેબિટ, ક્રેડિટ કે ATM કાર્ડ ગુમાવી દો તો તમારે તુરંત જ તમારી બેંક ને અથવા જે કંપની નુ કાર્ડ હોય તેને જાણ કરી દેવી જોઇએ.તમારા ખાતાના ઉતારાની પાછળના ભાગે ચોરાઇ ગયેલા કે ખોવાઇ ગયેલા કાર્ડની નોંધણી કરાવવા માટેનો ફોન નંબર લખેલ હોય છે

નોંધણી કરાવતા પહેલા જો કોઇએ તેનો અનધિકૃત ઉપયોગ કર્યો હશે તો પણ તમે ખુબ નાની રકમ જ ચુકવવા માટે જવાબદાર થશો.નોધણી કરાવ્યા પછી કાર્ડના કોઇ પણ જાતના અનધિકૃત ઉપયોગની તમારી કોઇ જવાબદારી રહેતી નથી.જો તમને કાર્ડ મળે તે પહેલા જ ખોવાઇ કે ચોરાઇ જાય તો તેના કોઇ પણ અનધિકૃત ઉપયોગ માટે તમે જવાબદાર રહેતા નથી.બેંક એવી સલાહ આપે છે કે કાર્ડ અને પીન નંબર કદિ સાથે ન રાખવા. તમારે તમારો પિન નંબર કોઇને આપવો પણ ન જોઇએ

ક્રેડિટ અને ડેબિટ કાર્ડમાં એક માઈક્રોચીપ લગાવેલ હોય છે જેમા તમારા ખાતા વિશેની બધી જ માહિતિ અંકિત કરેલ હોય છે.તમને 4 આંકડાની પીન નંબર અલગથી મોકલવામા આવે છે.તમે જ્યારે દુકાનમા થી ખરીદિ કરો ત્યારે તમારે તેના મશીનમાથી નિકળતી પાવતી પર તમારી સહી કરવી પડે છેતમારો પીન નંબર ગુપ્ત રાખવો એ તમારા ખાતાની સુરક્ષા માટે અત્યંત જરુરી છે.

૪.૨ EFT(ઈલેક્ટ્રોનીક ફંડ ટ્રાન્સફર)

ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર સોંફટવેરથી એક બેંન્ક એંકાઉન્ટમાંથીબીજા બેંન્ક એંકાઉન્ટમાં નાણાની હેરફેર કરવી.ઉદા. કંપનીઓમાંમાણસોનાં પગાર સીધા તેમનાં ખાતાંમાં જમાં થાય છે.

જો તમારે કોઇને પૈસા મોકલવાના હોય તો તમે ઇલેક્ટ્રોનિક પૈસાને ટ્રાન્સફર કરી શકો છો. ઓનલાઇન પૈસા ટ્રાન્સફર ત્રણ રીતે થઇ શકે છે. NEFT, RTGS અને IMPS.

NEFT એટલે કે નેશનલ ઇલેક્ટ્રોનિક ફંડસ ટ્રાન્સફર, RTGS એટલે રિયલ ટાઇમ ગ્રોસ સેટલમેન્ટ અને IMPS એટલે કે ઇમિડિએટ પેમેન્ટ સર્વિસ. આ ત્રણે બેંક ખાતામાંથી બીજા ખાતામાં પૈસા મોકલી શકો છો.

NEFTમાં પૈસા ત્યારે જ ટ્રાન્સફર થાય છે, જ્યારે બેંક વર્કિંગ અવર્સ હોય. એમાં પૈસા મોકલવાની કોઇ લિમીટ નથી. તો RTGS મોટી રકમના ટ્રાન્ઝએક્શન માટે ઉપયોગમાં લેવાય છે.એમાં ઓછામાં ઓછા 2 લાખ રૂપિયા મોકલી શકાય છે. IMPSમાં પૈસા તરત જ ટ્રાન્સફર થઇ જાય છે અને આ સર્વિસ 24 *7 કલાક કામ કરે છે. IMPSમાં વધારે 2 લાખ રૂપિયા સુધીનું ટ્રાન્સફર કરી શકાય છે.



આ ત્રણેય સર્વિસના બદલે કેટલોક ચાર્જ ચૂકવવો પડશે. જે દરેક બેંકના હિસાબથી અલગ હોય છે. NEFTની રકમ 5 રૂપિયાથી લઇને 25 રૂપિયા સુધીનો ચાર્જ હોય છે.RTGSમાં 30 રૂપિયાથી લઇને 55 રૂપિયા અને IMPSમાં સામાન્ય રીતે 5 રૂપિયાથી 15 રૂપિયા સુધીનો ચાર્જ લાગે છે.

૪.૩ યુ.પી.આઈ.

યુનીફાઈડ પેમેન્ટ ઇન્ટરફેસ (UPI) એ એવી પધ્ધતિ છે કે જે એક થી વધુ બેંક એકાઉન્ટ કોઈ એક જ મોબાઈલ એપ્લીકેશન સાથે સાંકળવાની શક્તિ આપે છે (કોઈપણ ભાગ લેતી બેંક), બેંકની ઘણી વિશેષતાઓનું વિલનીકરણ કરે અને અડચણ વગરનો ભંડોળનો માર્ગ આપે અને વેપારીઓને એક જ છતની અંદર ચુકવણી કરે. તે સહભાગી થવાની એવી પણ સગવડ આપે છે જેમાં ઉઘરાણીની વિનંતીની યાદી પણ બનાવી શકાય અને તમારી જરૂરિયાત અને સરળતા મુજબ તેને ચૂકવી પણ કરી શકાય. નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા (NPCI), આ સંસ્થા કે જે દેશમાં તમામ છૂટક ચુકવણીની પધ્ધતિ માટેની એક છત છે, તેણે આગામી પેઢી માટે ઓનલાઈન પેમેન્ટના ઉકેલનો આરંભ કર્યો છે – યુનિફાઈડ પેમેન્ટસ ઈન્ટરફેસ (UPI) કે જે એવા વલણને ફાયદો કરાવે છે જેમાં સ્માર્ટફોનનો ઉપયોગ વધારવો અને મોબાઈલ ડેટામાં ઊંડાણપૂર્વક ઘુસપેઠ કરવી.

૪.૩.૧ UPI ની વિશેષતા

➢ તે કઈ રીતે વિશેષ છે?

- ત્વરિત પૈસાની લેવડદેવડ એ મોબાઈથી ૨૪ કલાક, દિવસ-રાત અને ૩૬૫ દિવસ શક્ય છે.
- મોબાઈલની એક જ એપ્લીકેશનથી જુદી જુદી બેન્કમાં રહેલા ખાતાને આવરી શકાય છે.

- એક જ ક્લિકથી બે સ્તરનું પ્રમાણીકરણ - રેગ્યુલેટરી ગાઈડલાઈન અનુસરીને ખૂબ જ ચોકસાઈપૂર્વકનું સિંગ્નલ ક્લિકથી ચુકવણું કોઈ વિઘ્ન વગર કરી શકાશે.
- સુરક્ષાને વધુ સઘન કરવા પુલ અને પુશ માટે ગ્રાહકના વર્ચુઅલ સરનામાના ઉપયોગ કરવાથી ગ્રાહકના કાર્ડ નંબર, ખાતા નંબર, IFSC વગેરે જેવી વિગતો રજૂ કરવાની જરૂર નહીં રહે.
- મિત્રો સાથે બિલની આપ-લે પણ કરી શકાશે.
- કેશ ઓન ડિલિવર માટેનો યોગ્ય વિકલ્પ, એટીએમમાં પૈસા ઉપાડવા કે ચોક્કસ છૂટ્ટા નાણાની કોઈ માથાકૂટ નહીં રહે.
- એક જ એપ્લિકેશનની મદદથી વેપારીને ચુકવણી કે ઈન-એપ ચૂકવણી
- વિવિધ ઉપયોગ હેતુ પુશ અને પુલ ચુકવણીને અગાઉથી શિડ્યૂલ કરી શકાય છે.
- વપરાશના બિલની ચૂકવણીઓ, કાઉન્ટર પર થતી ચૂકવણી, બારકોડ (સ્કેન અને ચૂકવવું) આધારિત ચુકવણી
- દાન, ભંડોળ એકત્રીકરણ, નાણાની વહેંચણીને વધુ ઝડપી બનાવી શકાય છે.
- મોબાઈલ એપ દ્વારા જ ફરિયાદ નોંધાવી શકાય છે.

૪.૩.૨ UPI સક્રિય એપ્લિકેશનમાં નોંધણી

➢ નોંધણી માટેની પગલા

- ઉપભોક્તા UPI એપ્લિકેશન એપ સ્ટોર કે બેન્કની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકે છે.
- ઉપભોક્તા પોતાની પ્રોફાઈલ બનાવી શકે છે જેમાં નામ, વર્ચુઅલ આઈડી (ચુકવણીનું સરનામું), પાસવર્ડ રાખી શકે છે.
- ઉપભોક્તા "Add/Link/Manage Bank Account" વિકલ્પ પસંદ કરીને બેન્ક અને ખાતા નંબરને વર્ચુઅલ આઈડી સાથે સાંકળી શકે છે.

➢ M– PIN જનરેટ કરવી

- ઉપભોક્તા જે ખાતા દ્વારા વ્યવહાર કરવા માગે છે તે ખાતાને પસંદ કરી શકે છે.
- તે પૈકીના એક વિકલ્પને ઉપભોક્તા પસંદ કરી શકે છે.

અ.Mobile Banking Registration/Generate MPIN (મોબાઈલ બેંકિંગ રજીસ્ટ્રેશન, જનરેટ M PIN.)

બ. Change M-PIN (M PIN બદલવી)

➢ જો (અ) વિકલ્પ પસંદ કર્યો હોય તેવી પરિસ્થિતિમાં

1. ઉપભોક્તાને રજૂ કર્તા બેન્ક દ્વારા તેમના રજિસ્ટ્રર્ડ મોબાઈલ નંબર પર OTP મળે છે
2. ઉપભોકતાએ ડિબેટ કાર્ડના છેલ્લા 6 આંકડા અને કાર્ડ પૂરું થવાની તારીખ નાખવાની રહે છે.
3. ઉપભોક્તા OTP નાખે છે અને પોતાની પસંદ અનુસાર MPIN (MPIN જે પોતે સેટ કરવા માગે છે) અને સબમિટ બટનને ક્લિક કરે છે.
4. સબમિટ બટન દબાવ્યા બાદ, ગ્રાહકને તે પ્રક્રિયા સફળ રહી છે કે નિષ્ફળ રહી છે તેની જાણ નોટિફિકેશન દ્વારા કરવામાં આવે છે.

➢ જો (બ) વિકલ્પ પસંદ કર્યો હોય તેવી પરિસ્થિતિમાં

1. ઉપભોક્તાએ પોતાનો જૂનો MPIN નાખવાનો હોય છે અને નવા MPIN માટેના વિકલ્પને પસંદ કરવાનો રહે છે (નવો MPIN જે પોતે સેટ કરવા માગે છે તે) અને સબમિટ બટનને ક્લિક કરવાનું રહે છે.
2. સબમિટ બટન દબાવ્યા બાદ, ગ્રાહકને તે પ્રક્રિયા સફળ રહી છે કે નિષ્ફળ રહી છે તેની જાણ

૪.3.3 UPI વ્યવહાર કરવો

અ. PUSH– વર્ચુઅલ સરનામાનો ઉપયોગ દ્વારા નાણા મોકલવા:

1. ઉપભોક્તાએ UPI એપ્લિકશેનમાં લોગ ઇન કરવાનું રહે છે.
2. સફળતાપૂર્વક લોગઈન થયા બાદ, ઉપભોકતાએ Send Money / Payment વિકલ્પને પસંદ કરવાનો હોય છે.
3. ઉપભોક્તાએ લાભાર્થીની કે પેયી વર્ચુઅલ આઈડી નાખવાની સાથોસાથ રકમ અને જે ખાતામાંથી પૈસા આપવાના છે તેની વિગતો રજૂ કરવાની રહે છે.
4. ઉપભોક્તાને સ્ક્રિન પર પુષ્ટિકરણની વિગતો જોવા મળે છે જેના દ્વારા ચુકવણીની વિગતો તપાસીને Confirm પર ક્લિક કરવાનું હોય છે.
5. ઉપભોક્તાએ હવે MPIN નાખવાનો રહે છે.
6. વ્યવહાર સફળ રહ્યો કે નિષ્ફળ રહ્યો તેનો સંદેશ ઉપભોક્તાને મળે છે.

નાણા મોકલવા માટેની પદ્ધતિ



બ . PULL- નાણા મેળવવા માટેની માગણી:

1. ઉપભોક્તાએ તેમની બેન્કના UPI એપ્લિકેશનમાં લોગઈન કરવાનું હોય છે.
2. સફળતાપૂર્વક લોગઈન બાદ ઉપભોક્તા collect money વિકલ્પને પસંદ કરે છે (ચુકવણી માટેની માગણી)
3. ઉપભોક્તા નાણાં મોકલનાર/ચુકવણીકારનું વર્ચુઅલ આઈડીની સાથોસાથ રકમ અને જે ખાતામાં નાણાં જમા કરવાના છે તેની વિગતો ઉમેરે છે.
4. ઉપભોક્તાને પુષ્ટીકરણની વીગતો સ્ક્રિન પર જોવા મળે છે જેમાં ચુકવણીની વિગતો તપાસીને confirm બટન ક્લિક કરવાનું રહે છે.
5. ચુકવણીકારના મોબાઈલ પર નાણાં ચુકવવા અંગેનું નોટિફિકેશન મળે છે.
6. ચુકવણીકાર નોટિફિકેશન પર ક્લિક કરે છે અને પોતાના બેન્કની UPI એપ ખોલે છે જ્યાં તે ચુકવણીની વિનંતીને તપાસી શકે છે.
7. ત્યારબાદ ચુકવણીકાર તે વિનંતીને સ્વીકારવા માટે accept અને નકારવા માટે decline બટન ક્લિક કરે છે.
8. ચુકવણીનો સ્વીકાર કરવાની પરિસ્થિતિમાં નાણાં વ્યવહારને પૂર્ણ કરવા ચુકવણીકાર MPIN નાખે છે
9. નાણા વ્યવહાર પૂર્ણ થતા ચુકવણીકારને તે સફળ રહ્યો કે નિષ્ફળ રહ્યો તેનો નોટિફિકેશન મળે છે.
10. નાણા સ્વીકારનાર/વિનંતી મોકલનારને બેન્ક દ્વારા નોટિફિકેશન અને SMS દ્વારા બેન્ક ખાતામાં પૈસા જમા થયા હોવાની જાણ કરવામાં આવે છે.

નાણા મેળવવા માટેની પદ્ધતિ:



૪.૪ ઈ-વોલેટ

ડિજીટલ બેન્કિંગની દુનિયામાં એસબીઆઈએ વધુ એક પગલું ભર્યું છે-સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ મોબાઈલ ઈ . વોલેટ એસબીઆઈ બડી લોન્ચ કરી દીધું છે.એસબીઆઈ બડીથી તમે સરળતાથી ઓનલાઈન ખરીદી કરી શકશો. સાથે સાથે ટ્રાવેલ અને હોટેલ બુકિંગ પણ થઈ શકશે.

૪.૪.૧ એસબીઆઇ બડી એપ્લિકેશન

➢ એસબીઆઇ બડી એપ્લિકેશન મા રજીસ્ટર કેવી રીતે કરવું?

- તમારા ફોન પર આધાર રાખીને એપલ એપ સ્ટોર અથવા Google Play સ્ટોર એપ્લિકેશન ડાઉનલોડ કરો અને કીવર્ડ "સ્ટેટ બેન્ક" નો ઉપયોગ દ્વારા સ્ટેટ બેન્ક બડી માટે શોધ. તમે પર ક્લિક કરો અને એપ્લિકેશન ડાઉનલોડ કરી શકો છો.
- એપ્લીકેશન ડાઉનલોડ કર્યા પછી , તમારો મોબાઈલ નંબર, ઈ-મેલ એડ્રેસ, જન્મ તારીખ દાખલ કર્યા બાદ સાઈન અપ વિકલ્પ પસંદ કરો.
- સાઈન કર્યા બાદ તમારા મોબાઈલ નંબર પર OTP પાસવર્ડ જે દાખલ કરીને મોબાઈલ નંબરની ખાતરી કરાવી.



- હવે તમે તામારા પસંદનો ખાનગી MPIN દાખલ કરો, જે BUDDY APP માં લોગ ઈન કરવામાટે ઉપયોગી રહેશે.
- MPIN બનાવ્યા બાદ તમારો મોબાઈલ નંબર અને MPIN દાખલ કરી એપ્લીકેશનમાં લોગ ઈન કરો.

➢ એપ્લીકેશનમાં નાણા કેવી રીતે ઉમેરશો?

- વોલેટ માં રૂપીયા ઉમેરવા Add Money વિકલ્પ પર ક્લીક કરો.
- Add Money ઓપશન માં રકમ દાખલ કરવી.
- નેટ-બેન્કિંગ અથવા ડેબિટ કાર્ડ વિકલ્પ પસંદ કરી , રકમ ઉમેરો.
- તમે કોઈ પણ બેંક એકોઉંન્ટ અથવા ડેબિટ કાર્ડ થી વોલેટ માં રૂપીયા ઉમેરી શકો છો.
- જો તમે ફુલ KYC મંજુર કરાવેલ હશે તો તમે વોલેટ માં રૂ.૫૦,૦૦૦ સુધીની રકમ જમા કરી શકશો અથવા ફક્ત રૂ.૫૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીની રકમ જમા કરાવી શકશો.

➢ બેંક ખાતા માં રકમ ટ્રાન્સફર કરવા માટે શું કરવું?

- તમારી વાલેટ ની રકમ કોઈ પણ બેંક ના ખાતા માં જમા કારવા માટે , Buddy App ના વિકલ્પો ખોલી – "Transfer To Account" પર ક્લીક કરો.
- "Transfer to account " પર ક્લીક કર્યા બાદ ધરેલી રકમ દાખલ કરવી.
- અહીંયા તમને ૨ વિકલ્પ દેખાશે: ૧. MPS-MMID ૨. IMPS-IFSC
- જો તમે સામે ની વ્યક્તિ નો MMID જનતા હો તોMPS-MMID વિકલ્પ પસંદ કરો.
- જો તમે સામે ની વ્યક્તિ નો MMID નથી જનતા તો MMID-IFSC વિકલ્પ પસંદ કરી એકાઉન્ટનંબર અને IFSC કોડ દાખલ કરવો.
- ઉપર ની વિગતો દાખલ કર્યા બાદ "CONTINUE" પર ક્લીક કરો.
- થોડીજ સેકન્ડો માં રીસીવર ના ખાતા માં રકમ ક્રેડીટ થઇ જશે.
- જો તમે KYC મંજુર કરાવેલ હશે તો ૧ દિવસ માં તમે રૂ.૫૦૦૦ અને ૧ મહિના માં તમે રૂ.૨૫,૦૦૦ સુધી ની રકમ મોકલી શકશો અથવા ફક્ત રૂ.૨૦૦૦ સુધીની રકમ મોકલી શકશો.

➢ કોઈ પણ મોબાઈલ પર રકમ મોકલવા માટે :

જો સામે ની વ્યક્તિ, જોડે સ્માર્ટફોન હોય અને SBI Buddy app ઇન્સ્ટોલકરેલું હોય તો જ તમે તેમના

મોબઈલ નંબર પર નાણા મોકલી શકો છો.

સામે ની વ્યક્તિના મોબઈલ નંબર પર નાણા મોકલવા માટે SEND MONEY વિકલ્પ પર ક્લિક કરો. SEND MONEY વિકલ્પ પર ક્લિક કર્યાબાદ સામેની વ્યક્તિનો મોબઈલ નંબર દાખલ કરી ને





CONTINUE પર ક્લિક કરશો તો નાણા પહોંચી જશે.

➢ SBI BUDDY એપ્લીકેશન માટે ફૂલ KYC મંજુર કેવી રીતે કરશો?

- ફૂલ KYC મંજુર કરવા માટે પોતાનું નેટ બેન્કિંગ શરૂ કરો અને તેમાં E-service વિકલ્પ પસંદ કરો.
- E-service માં ડાબી બાજુના વિકલ્પમાં Update Buddy wallet KYC વિકલ્પ પર ક્લિક કરો.
- ત્યાર બાદ તમારા BUDDY ID માં તમારો મોબઈલ નંબર દાખલ કરી ને CONFIRM પર ક્લિક કરવાથી મંજુર થઈ જશે.

- KYC ની મંજુરી પોતાના Debit કાર્ડ થી પણ મેળવી શકાય છે , જેનો વિકલ્પ એપ્લીકેશનમાં આપેલ છે, જેમાં તમારે Debit કાર્ડ નુંમ્બર દાખલ કરી , OTP દ્વારા મંજુરી મેળવી શકો છો.



૪.૪.૨ PAYTM એપ્લીકેશન

PAYTM, અત્યાર ના સમય માં વધારે પોપ્યુલર એપ છે જેનો ઉપયોગ કેસલેસ (પૈસા ની લેણદેણ માટે) કરવામાં આવે છે.PAYTM નો ઉપયોગ કરી તમે એકબીજા ને પૈસા મોકલી શકો છો , ઓનલાઈન મુવી ટીકીટ,બસ ટીકીટ, ટ્રેન ટીકીટ ,હોટેલ બૂક કરી શકો છો ,ઓનલાઈન મોબાઇલ ,ઇલેક્ટ્રિકસીટી બીલ,DTH બીલ બ્રોડબેન્ડ બીલ ,લેન્ડલાઇન બીલ, ડેટાકાર્ડ બીલ પણ ભરી શકો છો.PAYTM માં શોપિંગ ના પણ ઘણા બધા ઓપ્સન છે જેના ધ્યારા તમે શોપિંગ પણ કરી શકો છો

તો આજની આ પોસ્ટ માં તમને હું PAYTM માં કેવી રીતે અકાઉન્ટ બનાવવું અને તેનો કેવી રીતે ઉપયોગ કરવો તેની માહિતી આપીશ .PAYTM માં અકાઉન્ટ બનાવવા માટે તમારે થોડા સ્ટેપ ફોલ્લો કરવા પડશે જેના ધ્યારા તમે PAYTM એપ્લીકેશન ને તમારા મોબાઇલ ઇન્સ્ટોલ કરી સકોસો અને તેમાં અકાઉન્ટ બનાવી તેનો ઉપયોગ કરી સકાસો .

સોથી પહેલા તમે PLAYSTORE ઓપન કરી તેમાંથી PAYTM એપ્લીકેશન ડાઉનલોડ કરો પછીતમારી મનપસંદ ભાષા કરી CONTINUE બટન પર ક્લિક કરો એટલે હોમે સ્કીન ખુલશે



હવે PAYTM એપ્લીકેશન તમારા મોબાઇલ માં ઇન્સ્ટોલ થઇ ગઈ છે



તો હવે મિત્રો હું તમને PAYTM એપ્લીકેશન માં એકાઉન્ટ બનવાના થોડા સ્ટેપ બતાવું .

સોથી પહેલા તમે PAYTM એપ્લીકેશન ની હોમસ્કીમ માં સોવ થી નીચે આપેલ બટનો માંથી LOGIN બટન પર ક્લિક કરો એટલે એક નવું પેજ ખુલશે તેમાં સોવ થી ઉપર તમને LOGIN અને SIGN UP બટન દેખાશે .

PAYTM માં તમે તમારા FACEBOOK ID અને GOOGLE ID નો ઉપયોગ કરી ને પણ એકાઉન્ટ બનાવી શકો છો.



તો હવે તમે SIGN UP બટન પર ક્લિક કરો

હવે તમને તમારો મોબાઈલ નંબર , ઈમૈલ અડ્રેસ ,પાસવર્ડ એન્ટર કરો અને પછી SIGN UP બટન પર ક્લિક કરો



SIGN UP બટન પર ક્લિક કારસો એટલે તમારા મોબાઈલ નંબર પર એક SMS (OTP = ONE TIME VERIFICATION)આવશે .એને એન્ટર કરો અને DONE બટન પર ક્લિક કરો.



હવે તમે તમારા નામ ,અટક અને જન્મ તારીખ અને તમરુ જેન્ડર એન્ટર કરી ને CONFIRM બટન પર ક્લિક કરો



તો મિત્રો હવે તમારું અકાઉન્ટ PAYTM એપ્લીકેશન બની ગયું છે અને તેનો સિમ્પલી ઉપયોગ કરી શકો છો .

૪.૫ એ.ઈ.પી.એસ. (AEPS)

આધાર દ્વારા પેમેન્ટ

ટ્રાન્ઝેકશન	આધાર દ્વારા સર્વિસીસ
આ પધ્ધતિથી બેંક ટુ બેંક ટ્રાન્ઝેકશન પીઓએસ પર કરી શકાશે	બેલેન્સ ઇન્ક્વાયરી કેસ ઉપાડ કેસ જમા આધારથી આધાર ફંડ ટ્રાન્સફર
	આધાર જરુરી છે તમારા આધાર નંબરને બેંક એકાઉન્ટ સાથે લીંક કરો પીન કે પાસવર્ડ યાદ રાખવાની જરુર નથી

માઇક્રો એટીએમ વડે ટ્રાન્ઝેકશન

- Micro ATMs વેચાણ બિંદુ ઉપકરણો છે જે ન્યૂનતમ વિજળીથી કામ કરે છે, GPRS થીકેન્દ્રીય બેન્કિંગ સર્વરો સાથે જોડાય છે જેથી ઓપરેશનલ ખર્ચમાં નોંધપાત્રઘટાડો થાય છે . સૂક્ષ્મ ATM ઉકેલ બેંકવિનાના ગ્રામીણ લોકો ને સૂક્ષ્મબેન્કિંગ સેવાઓ સુધી સરળતા થી ખૂબ અસરકારક રીતે પહોંચવા માટે સક્ષમ કરે છે.

૪.૫.૧ AEPS વ્યવહાર માટે પગલાંઓ

MICROATM અથવા બેંકિંગકર્મચારીઓ પાસે જવુ.	
તમારા બેંક નું નામ અને આધાર નમ્બર આપવો.	
જરૂરીયાત મુજબ વિકલ્પ પસંદ કરો: • રોકડ રકમ ઉપાડવા • ડિપોઝિટ કેશ • પે • ચેક બેલેન્સ • મિની સ્ટેટમેન્ટ	
પિન નંબર દાખલ કરો.	

સ્થાન નો PIN(પીન) કોડ દાખલ કરો.	
તમારા Adhaar કાર્ડ નંબર દાખલ કરો.	
તમારી આંગળી સ્કેન કરો.	
ટ્રાન્ઝેક્શન સફળ એવો સંદેશ જુઓ.	

૪.૬ પોઈન્ટ ઓફ સ્કેલ (POS)

- POS સિસ્ટમ, હાર્ડવેરનું બનેલું છે, જેમાં સોફ્ટ્વેર હાર્ડવેરને જણાવે છે કેજે માહિતી ભેગી કરેલ છે તેનાથી શું કરવાનું છે. જ્યારે ગ્રાહકો ક્રેડીટકાર્ડ કે ડેબીટ કાર્ડ્નો ઉપયોગ POS સિસ્ટમમાં કરે છે ત્યારે કાર્ડનીમેગ્નેટિક પટ્ટી પર સંગ્રહાયેલી માહિતી ભેગી થય છે અને જોડાયેલ સાધન વડેકાર્યવાહી થાય છે. મેગ્નેટિક પટ્ટી પર સંગ્રહાયેલી માહિતીને ટ્રેક – 1 અને ટ્રેક-2 ની માહિતી તરીકે ઓળખવામાં આવે છે. ટ્રેક – 1 ની માહિતી એએકાઉન્ટ સબંધી બાબતો સાથે સંકળાયેલ છે જે કાર્ડ ધરાવનારનું નામ અને તેનાએકાઉન્ટનો નંબર જણાવે છે. ટ્રેક – 2 ની માહિતી એ ક્રેડીટ કાર્ડ નંબર અને તેની સમાપ્તિ તારીખ જણાવે છે.

૪.૬.૧ ફીઝીકલ પોઇન્ટ ઓફ સ્કેલ

૧. બેંક પાસેથી ડેબિટ / ક્રેડિટ કાર્ડ મેળવો.	
૨. વેચનાર વેપારીને તમારુ ડેબિટ / ક્રેડિટ કાર્ડ POS મશીન પરસ્વાઇપ કરવાં કેહવું.	
૩. રકમ ચૂકવવા માટે ની આવશે દાખલ તપાસો વિક્રેતા દ્વારા દાખલ કરવામાં આવેલી રકમ તપાસી અને પિન નંબર દાખલ કરો. કોઈ અન્ય વ્યક્તિ તમારો PIN ના જુએ તેની ખાતરી કરો	
૪. રસીદ મેળવવી.	

૪.૬.૨ મોબાઈલ - પોઇન્ટ ઓફ સ્કેલ

૧. એમ સ્વાઈપ પ્લગઇન કરો.	
૨. એપ્લીકેશન લૌંચ કરો.	
૩. કાર્ડ સ્વાઈપ કરો.	
૪. મોબાઈલ નંબર અને ઈ-મેઇલ એડરેસ દાખલ કરો.	
૫. તમાર હસ્તાક્ષર કરો.	
૬. “પેમેન્ટ રીસીવ્ડ” એવો એસ.એમ.એસ. તમારા મોબાઈલ પર આવશે.	

૪.૭ USSD (યુ.એસ.એસ.ડી.)

અનૌપચારિક પૂરક સેવા માહિતી (USSD) એ મોબાઈલ ઓપરેટરોની ચેનલ છે. NUUP (રાષ્ટ્રીય એકીકૃત USSD પ્લેટફોર્મ) ભારતમાં મોબાઈલ ચૂકવણીઓ કરવા માટે આ ચેનલનો ઉપયોગ કરે છે. IDRBT, DoT, TRAI અને RBIની મદદથી MPFI (મોબાઈલ પેમેન્ટ ફોરમ ઓફ ઇન્ડિયા) દ્વારા આની શરૂઆત કરવામાં આવી હતી અને NPCI (ભારતના રાષ્ટ્રીય ચૂકવણી નિગમ) દ્વારા અમલમાં મૂકવામાં આવ્યું છે.

USSD આધારિત મોબાઈલ બેન્કિંગ અને મોબાઈલ ચૂકવણી ના ઉપયોગ વિષે અને ડીજીટલ ચૂકવણીઓ માં ભારતની પ્રગતિ વધુ ઝડપી બને તેમાં ફાળો આપવા જાહેર જનતા માં વધારે જાગૃતિ આવે તે આ વપરાશકર્તા માર્ગદર્શિકાનો હેતુ છે.

૪.૭.૧ લાક્ષણિકતાઓ

- નીચા સ્તરના સહિત બધા પ્રકારના મોબાઈલ ફોન ઉપર એ કામ કરે છે .
- ભારતમાં કોઈ પણ મોબાઈલ ઓપરેટર નો ગ્રાહક તેનો ઉપયોગ કરી શકે છે.
- વપરાશકર્તાએ તેનું / તેણીનું બેંક ખાતું મોબાઈલ ફોન નંબર સાથે જોડેલું હોવું જોઈએ .
- વપરાશકર્તાના મોબાઈલમાં કોઈ પણ મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ કરેલી હોવી જરૂરી નથી.
- હાલમાં આ સેવા નિઃશુલ્ક છે. જો કે ઉપરની મર્યાદા રૂ.૧.૫૦ પ્રતિ લેવડદેવડ કે એક સેશન .
- બેંક ખાતા લેવડદેવડની માહિતીની સ્થિતિ , ચૂકવણી અથવા મોકલેલી રકમ કે અગત્યના ઓળખપત્ર મેળવવા કે બદલવા એનો ઉપયોગ થઇ શકે છે.
- આનો ઉપયોગ બીજી વ્યક્તિ કે દુકાનદાર કે વેપારીને ચૂકવણી કરવા માટે જેનું ખાતું એ જ બેંક કે અન્ય કોઈ બેંકમાં હોય , થઇ શકે છે.
- હાલમાં નાણાં સ્થાનાંતરિત કરવાની મર્યાદા રૂ .૫૦૦૦ પ્રતિ લેવડદેવડ છે.

  મોબાઈલ વપરાશકર્તાને સીધા બેંક સર્વર સાથે વાસ્તવિક સમયમાં જોડે છે અને તાત્કાલિક પ્રતિભાવ મળે છે.
- તે મોબાઈલ ફોન ઉપર લેવડદેવડ ની કોઈ પણ માહિતી સંગ્રહ કરતા નથી.
- આમાં કોઈ ગંભીર સુરક્ષા ખતરો નથી કારણકે વપરાશકર્તા તેના /તેણીના મોબાઈલ ફોનથી જ M-PIN વાપરીને અને ઉપર જણાવેલા (ઈ) અને (જ) પોઈન્ટ પ્રમાણે લેવડદેવડ કરે છે.
- તે અંગ્રેજીમાં (*૯૯ # ડાયલ કરીને), હિન્દીમાં (*૯૯*૨૨ # ડાયલ કરીને) અને અન્ય ભારતીય ભાષાઓમાં પ્રતિભાવો આપી શકે છે.

નીચે જણાવ્યા પ્રમાણે USSD કોડ નંબર ડાયલ કરવાથી જે તે ભાષામાં પ્રતિભાવો મળી શકે છે:

ussd કોડ	ભાષા	ussd કોડ	ભાષા
*99#	અંગ્રેજી	*99*27#	ગુજરાતી
*99*22#	હિન્દી	*99*28#	મરાઠી
*99*29#	બંગાળી	*99*23#	તમિલ
*99*30#	પંજાબી	*99*24#	તેલુગુ
*99*31#	આસામી	*99*25#	મલયાલમ
*99*32#	ઉડિયા	*99*26#	કન્નડ

૪.૭.૨ વપરાશકર્તા માટે જરૂરિયાતો

- વપરાશકર્તા પાસે બેંક ખાતું હોવું જોઈએ અને તેનો/ તેણીનો મોબાઈલ ફોન નંબર તેના / તેણીના બેંક ખાતા સાથે જોડાયેલો બેંકમાં નોંધાવવો જોઈએ .
- વપરાશકર્તાએ તેના / તેણીના બેન્કના IFSC કે શોર્ટ નામ કે ન્યુમેરિક કોડ જાણવા જોઈએ. પેરાગ્રાફ -૭ માં આપેલ સૂચિ અથવા બેંક પાસબુક અથવા બેંક અથવા NPCI માં તેને શોધી / નોંધી શકાય છે.
- વપરાશકર્તા પાસે ચૂકવણી વ્યવહાર શરૂ કરવા M-PIN હોવી જોઈએ.
- નાણાં મોકલવા વપરાશકર્તાએ કાં તો (i) લાભાર્થીનો મોબાઈલ ફોન નંબર અને MMID અથવા (ii) IFS કોડ અને બેંક ખાતા નંબર અથવા (iii) આધાર નંબર જાણવા જોઈએ.

૪.૭.૩ અનુસરવા માટેના પગલાં

- તમારા રજીસ્ટર્ડ કરેલા મોબાઈલ ફોનના ડાયલિંગ પેડ ઉપર *99# દાખલ કરો અને કોલ બટન દબાવો.
- NUUP (નેશનલ યુંનીફાઈડ USSD પ્લેટફોર્મ) ની વેલકમ સ્ક્રીન મેનુ બતાવશે.
- કાં તો તમારી બેન્કના ટૂંકા નામ ના 3 અક્ષરો અથવા બેંક IFSC ના પહેલાં ૪ અક્ષરો અથવા બે અંકોનો બેંક આંકડાકીય કોડ *99# દાખલ કરો અને SEND ઉપર ક્લિક કરો.
- વિકલ્પોની સૂચિ દેખાશે. વિકલ્પો વાંચો અને નીચેની સૂચિમાં થી જે વિકલ્પનો અમલ કરવા ઈચ્છતા હો તે વિકલ્પ નંબર દાખલ કરો અને SEND ઉપર ક્લિક કરો:
    1. ખાતા બેલેન્સ
    2. મિની સ્ટેટમેન્ટ
    3. MMID થી નાણાં મોકલો.
    4. IFSCનો ઉપયોગ કરી નાણાં મોકલો.
    5. આધાર નંબરનો ઉપયોગ કરી નાણાં મોકલો .
    6. MMID દર્શાવો.
    7. MPIN
    8. OTP ઉત્તપન્ન કરો.
- દરેક વિકલ્પ માટેની સૂચનાઓ નું પાલન કરો અને જરૂરી માહિતી દાખલ કરો.



(૧) (૨) (૩)

૪.૭.૪ મેનુ વિકલ્પોની વિગતો

- ખાતા બેલેન્સ : બેલેન્સ પૂછપરછ માટે 1 દાખલ કરો અને send કરો , એક નવી વિન્ડો ખુલશે જેમાં તમારાં ખાતાનું પ્રાપ્ય બેલેન્સ દેખાશે.
- મિની સ્ટેટમેન્ટ : મિની સ્ટેટમેન્ટ ઉત્તપન્ન કરવા 2 દાખલ કરો અને send કરો , એક નવી વિન્ડો ખુલશે જેમાં તમારા ખાતાની છેલ્લી ૫ લેવડદેવડો દેખાશે.
- MMID થી નાણાં મોકલો : કોઈ વ્યક્તિ કે વેપારી ને MMID થી નાણાં મોકલવા 3 દાખલ કરો.
- વેપારીનો મોબાઈલ નંબર પૂછતી એક વિન્ડો દેખાશે . દાખલ કરો અને મોકલો.
- અનુગામી વિન્ડોઝ વેપારીનો MMID , સ્થાનાંતરિત કરવાની રકમ અને વિશેષ નોંધ (વૈકલ્પિક) પૂછશે.
- તમારો MPIN અને ખાતા નંબરના છેલ્લા ૪ અંકો દાખલ કરો અને મોકલો .
- લેવડદેવડ સફળ રહી તેવો સમર્થનનો સંદેશ દર્શાવતો સ્ક્રીન દેખાશે.

૪.૭.૫ IFSC નો ઉપયોગ કરી નાણાં મોકલો

- IFSC થી નાણાં મોકલવા 4 દાખલ કરો.
- વેપારીનો બેંક IFSC કોડ પૂછતી વિન્ડો દેખાશે . દાખલ કરો અને મોકલો.
- અનુગામી વિન્ડોઝ વેપારીનો ખાતા નંબર, સ્થાનાંતરિત કરવાની રકમ અને વિશેષ નોંધ (વૈકલ્પિક) પૂછશે.
- તમારો MPIN અને ખાતા નંબરના છેલ્લા ૪ અંકો દાખલ કરો અને મોકલો .
- લેવડદેવડ સફળ રહી તેવો સમર્થનનો સંદેશ દર્શાવતો સ્ક્રીન દેખાશે .

૪.૭.૬ આધાર નંબરનો ઉપયોગ કરી નાણાં મોકલો

- આધાર નંબરથી નાણાં મોકલવા ૫ દાખલ કરો.
- વેપારીનો આધાર નંબર પૂછતી વિન્ડો દેખાશે. દાખલ કરો અને મોકલો.
- તમારો MPIN અને તમારા ખાતા નંબરના છેલ્લા ૪ અંકો દાખલ કરો અને મોકલો.
- લેવડદેવડ સફળ રહી એવો સમર્થનનો સંદેશ દર્શાવતો સ્ક્રીન દેખાશે.

૪.૭.૭ MMID બતાવો

- તમારો MMID જાણવા ૬ દાખલ કરો અને મોકલો, તમારા ખાતા સાથે જોડાયેલ MMID દર્શાવતો સમર્થન સ્ક્રીન દેખાશે.

૪.૭.૮ MPIN

- MPIN ઉત્પન્ન કરવા કે બદલવા ૭ દાખલ કરો અને મોકલો .
- નવા MPIN ઉત્પન્ન કરવા ૧ દાખલ કરો અને મોકલો . તમારા કાર્ડ નંબરના છેલ્લા ૬ અંકો અને સમાપ્તિ તારીખ MMYY એક ખાલી જગ્યા થી અલગ કરેલ પૂછતી સ્ક્રીન દેખાશે, દાખલ કરો અને મોકલો. ઉત્તપન્ન થયેલ MPIN નોંધો.
- MPIN બદલવા ૨ દાખલ કરો અને મોકલો. તમારી હાલની MPIN અને નવી MPIN દાખલ કરો અને મોકલો. MPIN સફળતાપૂર્વક બદલાઈ તેમ દર્શાવતો સમર્થન સ્ક્રીન દેખાશે.

૪.૭.૯ OTP ઉત્તપન્ન કરો

- OTP ઉત્તપન્ન કરવા ૮ દાખલ કરો અને મોકલો.
- MPIN દાખલ કરો. તમને જરૂરી કાર્ય કરવા ઉત્તપન્ન કરેલ OTP દર્શાવતી સમર્થન સ્ક્રીન દેખાશે.

૪.૭.૧૦ ઉદાહરણ

- **મારું ખાતું સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા માં છે અને મારે દુકાનદાર કે વેપારી કે મિત્ર ને MMID થી નાણાં ચુકવવા છે.**

૧. *99# ડાયલ કરો.

૨. તમારી બેન્કનો શોર્ટ કોડ SBI અથવા IFSCના પહેલા ૪ SBIN અથવા ૨ - અંકોનો સંખ્યાકીય કોડ ૪૧ દાખલ કરો અને મોકલો.

૩. અનુગામી સ્ક્રીન ઉપર MMID થી નાણાં મોકલવાનો વિકલ્પ ૩ પસંદ કરો , ૩ દાખલ કરો અને મોકલો.

૪. વેપારીનો મોબાઈલ નંબર દાખલ કરો. જેમ કે 999xxxxxx 9.

૫. વેપારીનો MMID (૭ અંકો) અને રકમ જેવી કે 1234567 5000

૬. તમારો MPIN દાખલ કરો અને મોકલો .

૭. લેવડદેવડ સફળ રહી તેમ દર્શાવતો સમર્થન સ્ક્રીન દેખાશે.

❖ મારૂં ખાતું આન્ધ્ર બેંકમાં છે અને મારે મિત્રને તેના IFSC નો ઉપયોગ કરી નાણાં સ્થાનાંતરિત કરવા છે.

૧. *99 # ડાયલ કરો.
૨. તમારી બેન્કનો શોર્ટ કોડ ANB અથવા IFSC ના પહેલા ૪ અક્ષરો ANDB અથવા બે અંકોનો સંખ્યાકીય કોડ ૫૯ દાખલ કરો અને મોકલો.
3. અનુગામી સ્કીન ઉપર IFSCથી નાણાં મોકલવા વિકલ્પ ૪ દાખલ કરો.

૪. મિત્રની બેન્કનો IFSC કોડ (૧૧ અક્ષરો) દાખલ કરો અને મોકલો જેમ કે ICIC0123456.
૫. ખાતા નંબર અને રકમ દાખલ કરો જેમ કે 01234567891011 5000.
૬. MPIN દાખલ કરો અને મોકલો જેમ કે 0123.
૭. લેવડદેવડ સફળ રહી તેમ દર્શાવતી સમર્થન સ્કીન દેખાશે.

૪.૭.૧૧ USSD માટે બેંક કોડ્સ ની સૂચિ

બેન્ક નું નામ	IFSCના પહેલા ૪ અક્ષરો	બેંક શોર્ટ કોડ	મલ્ટી મોડલ કોડ્સ After *99*	ક્રમ નં.
સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા	SBIN	SBI	*99*41#	૧
પંજાબ નેશનલ બેંક	PUNB	PNB	*99*42#	૨
કેનરા બેંક	CNRB	CNB	*99*46#	3
બેંક ઓફ ઇન્ડિયા	BKID	BOI	*99*47#	૪.
બેંક ઓફ બરોડા	BARB	BOB	*99*48#	૫.
IDBI બેંક	IBKL	IDB	*99*49#	૬
યુનિયન બેંક ઓફ ઇન્ડિયા	UBIN	UOB	*99*50#	૭
સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા	CBIN	CBI	*99*51#	૮
ઇન્ડિયન ઓવરસીઝ બેંક	IOBA	IOB	*99*52#	૯

ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ	ORBC	OBC	*99*53#	૧૦
અલાહાબાદ બેંક	ALLA	ALB	*99*54#	૧૧
સિન્ડીકેટ બેંક	SYNB	SYB	*99*55#	૧૨
યુકો બેંક	UCBA	UCO	*99*56#	૧૩
કોર્પોરેશન બેંક	CORP	CRB	*99*57#	૧૪
ઇન્ડિયન બેંક	IDIB	INB	*99*58#	૧૫
આન્ધ્ર બેંક	ANDB	ANB	*99*59#	૧૬
સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ	SBHY	SBH	*99*60#	૧૭
બેંક ઓફ મહારાષ્ટ્ર	MAHB	BOM	*99*61#	૧૮
અપના સહકારી બેંક	ASBL	APN	*99*85#	૧૯
સ્ટેટ બેંક ઓફ પટીઆલા	STBP	SBP	*99*62#	૨૦
યુનાઈટેડ બેંક ઓફ ઇન્ડિયા	UTBI	UBI	*99*63#	૨૧
વિજયા બેંક	VIJB	VJB	*99*64#	૨૨
DCB બેંક	DCBL	DCB	*99*65#	23
ભારતીય મહિલા બેંક	BMBL	BMB	*99*86#	૨૪
સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર	SBTR	SBT	*99*67#	૨૫
અભ્યુદય કો-ઓપ બેંક	ABHY	ACB	*99*87#	૨૬
પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપ બેંક	PMCB	PMC	*99*88#	૨૭
સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુર	SBBJ	SBJ	*99*70#	૨૮
પંજાબ એન્ડ સીંદ બેંક	PSJB	PSB	*99*71#	૨૯
હસ્તી કો- ઓપ બેંક	HCBL	HCB	*99*89#	૩૦
સ્ટેટ બેંક ઓફ માયસોર	SBMY	SBM	*99*73#	૩૧
ગુજરાત સ્ટેટ કો- ઓપ બેંક	GSCB	GSC	*99*90#	૩૨

કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક	KCCB	KCB	*99*91#	૩૩
તામિલનાડ મર્કનટઈલ બેંક	TMBL	TMB	*99*77#	૩૪
દેના બેંક	BKDN	DNB	*99*78#	૩૫
નૈનીતાલ બેંક	NTBL	NTB	*99*80#	૩૬
જનતા સહકારી બેંક	JSBP	JSB	*99*81#	૩૭
મહેસાણા અર્બન કો- ઓપ બેંક	MSNU	MUC	*99*82#	૩૮
NKGSB કો--ઓપ બેંક	NKGS	NGB	*99*83#	૩૯
સારસ્વત બેંક	SRCB	SRC	*99*84#	૪૦
ધ સાઉથ ઇન્ડિયન બેંક	SIBL	SIB	*99*74#	૪૧
ICICI બેંક	ICIC	ICI	*99*44#	૪૨
એક્સીસ બેંક	UTIB	AXB	*99*45#	૪૩
HDFC બેંક	HDFC	HDF	*99*43#	૪૪
RBL બેંક	RATN	RBL	*99*79#	૪૫
કરુર વ્યાસ્ય બેંક	KVBL	KVB	*99*75#	૪૬
ફેડરલ બેંક	FDRL	FBL	*99*72#	૪૭
કર્ણાટક બેંક	KARB	KTB	*99*76#	૪૮
યેસ બેંક	YESB	YBL	*99*66#	૪૯
ઇન્ડસઇન્ડ બેંક	INDB	IIB	*99*69#	૫૦

૪.૮ BHIM એપ્લીકેશન



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 30 ડિસેમ્બરે નવી પેમેન્ટ એપ ભીમ (BHIM એટલે Bharat Interface for Money) લોન્ચ કરી છે. એપનું નામ ડોક્ટર ભીમ રાવ આંબેડકરના નામ પર રાખવામાં આવ્યું છે. નરેન્દ્ર મોદી સરકારે આ એપ કેશલેસ અથવા લેસ-કેશ ઈકોનોમીને પ્રોત્સાહન આપવાની શરૂઆત કરી છે. ભીમ એપ સરકારની જૂની યૂપીઆઈ (યૂનિફાઈડ પેમેન્ટ ઇન્ટરફેસ) અને યૂએસએસડી (અસ્ટ્રક્ચર્ડ સપ્લીમેન્ટ્રી સર્વિસ ડેટા)નું આધુનિક રૂપ છે. આગળ જાણો કેવી રીતે એપ ડાઉનલોડ કરસો અને તેનો ઉપયોગ કેવી રીતે કરશો.

➢એપ રેજિસ્ટર કરવા માટેની પદ્ધતિ:



એપ ડાઉનલોડ કરવા માટે ગૂગલ પ્લે સ્ટોર પર જાવ. પ્લે સ્ટોર પર bhim national payment ટાઈપ કરીને સર્ચ કરી શકો છો. એપ ડાઉનલોડ કરો અને સ્માર્ટફોનમાં ઇન્સ્ટોલ કરો. ત્યાર બાદ એપને ઓપન કરીને તમારા બેંક સાથે રજિસ્ટર્ડ મોબાઈલ નંબરથી લોગિન કરો. ત્યાર બાદ એપ દ્વારા રૂપિયા મંગાવી અથવા મોકલી શકો છો.



એપનો ઉપયોગ કેવી રીતે કરશો: એપનો ઓપન કરીને પાસવર્ડ સેટ કરો. અહીં તમને send, request, scan & Payનો વિકલ્પ જોવા મળશે.Sendપર ક્લિક કરી જેને રૂપિયા મોકલવા છે તેનો રજિસ્ટર્ડ મોબાઈલ નંબર નાંખો અને Verify કરો. આગળની સ્લાઈડ્સમાં રકમ અને રિમાર્કની વિગોત ભરો અને PAY પર ક્લિક કરો.



ત્યાર બાદ UPI પિનની વિગત ભરવાથી રૂપિયા ટ્રાન્સફર થઈ જશે. રૂપિયા મોકવા માટે માત્ર એક વખત તમારો બેંક એકાઉન્ટ નંબર રજિસ્ટર કરો અને UPI પિન જનરેટ કરો. ઇન્ટરનેટ ન હોવાપર ફોનથી USSD કોડ *99# ડાયલ કરીને પણ આ એપ ઓપરેટ કરી શકાય છે.

૫. ડીજીટલ ટ્રાન્ઝેક્શનના ફાયદા

➢ સુગમતા

- ડિજિટલ જવામાં સૌથી મોટો ફાયદો નાણાકીય વ્યવહારમાં સુગમતા છે. તમારે હાથમાં રોકડ કે પ્લાસ્ટિક કાર્ડ રાખવા પડતા નથી કે એ.ટી.એમ માંથી ઉપાડ માટે લાઇનમાં ઊભા રહેવું પડતું નથી. તમે પ્રવાસ કરતાં હોય ત્યારે ખર્ચ કરવામાંતે સલામત અને સરળ વિકલ્પ છે. જો તમે નીચી આવક ધરાવતા જૂથમાં ન આવતા હોવ તોતેના અનેક ફાયદા છે, એમ ટ્રાન્સેન્ડ કન્સલ્ટિંગના ડિરેક્ટર કાર્તિક ઝવેરીએજણાવ્યું હતું. ગરીબો સિવાયના સમગ્ર દેશ માટે તે રચનાત્મક અને સરળ છે. તેથીહોસ્પિટલ જેવા કિસ્સામાં તે ખાસ ઉપયોગી છે, એમ તેમણે જણાવ્યું હતું.

➢ ડિસ્કાઉન્ટ્સ

- તાજેતરમાં કાર્ડ પર રૂ. ૨૦૦૦ સુધીના વ્યવહાર પર સર્વિસ ટેક્સ દૂરકરવામાં આવ્યો તે સરકાર દ્વારા ડિજિટલ ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહિત કરવા માટેલેવામાં આવેલું પગલું છે. તમે જો તેનો ફાયદો ઉઠાવી શકે તો તમારા માટે આસારી બાબત છે. રેલવે ટિકિટ, હાઇવે ટોલ કે વીમાની ખરીદીમાં પણ તમારા ખર્ચમાં ઘટાડો કરવામાં મદદ મળશે. આ ઉપરાંત પેટીએમ જેવા મોબાઇલ વોલેટ દ્વારા ઓફરકરવામાં આવતી કેશબેક ઓફર અને ડિસ્કાઉન્ટનો પણ ફાયદો ઉઠાવી શકો છો.

➢ ખર્ચનો ટ્રેક રાખવો

- અહીં બધા વ્યવહારોનો રેકોર્ડ હોવાથી લોકો માટે તેમના ખર્ચનો ટ્રેક રાખવોસરળ થઈ જાય છે. તેના લીધે આવકવેરા રિટર્ન ફાઇલ કરવામાં અને સ્ક્રુટિનીનાકિસ્સામાં પણ મદદ મળે છે, લોકોને પણ તેમનો ખર્ચ સમજાવવો સરળ પડશે. ટેક્સઉપરાંત તેની બજેટ પર પણ સારી અસર પડે છે.

➢ બજેટમાં શિસ્તબદ્ધતા

- ખર્ચનો રેકોર્ડ હોવાથી તમારા ખર્ચનો ટ્રેક રાખવામાં અને સારું બજેટરચવામાં મદદ મળશે. વિવિધ એપ અને ટૂલ્સ દ્વારા લોકો તેમની ખર્ચ કરવાનીપેટર્નનું વિશ્લેષણ કરી શકે છે અને આગામી વર્ષોમાં કેવી સ્થિતિ હશે તેઅનુભવી શકે છે. આ રીતે ખર્ચ પર અંકુશ મોટાપાયા પરના રોકાણમાં પરિણમી શકેછે. સિસ્ટમમાં મોટાપાયા પર રોકડ પરત ન આવવાની હોવાથી લોકો મોબાઇલ વોલેટ અનેકાર્ડનો ઉપયોગ કરવા તરફ વળશે. તેના પગલે તમે કેન્ડી કે ચિપ્સ માટે દસરૂપિયા ખર્ચતા હશે અથવા તો નિયમિત રીતે ઓફિસમાં કોફી પીતા હશો તો તેને ફટકોવાગશે કારણ કે છૂટ્ટા અને નાની ચલણી નોટો નહીં હોય.

➢ જોખમમાં ઘટાડો

- ક્રેડિટ કાર્ડ કે મોબાઇલ વોલેટ ચોરાઈ જાય તો તેને દૂરથી પણ બંધ કરી શકાયછે, પરંતુ રોકડના કિસ્સામાં આવું શક્ય નથી. આ સંદર્ભમાં ડિજિટલ વિકલ્પમર્યાદિત સુરક્ષા પૂરી પાડે છે. તેમા પણ ખાસ કરીને વિદેશમાં પ્રવાસ કરતાંહોય ત્યારે રોકડ ખોવાઈ જવાના લીધે મોટાપાયે અસુવિધા થાય છે. આ ઉપરાંત જોફ્યુચરિસ્ટિક કાર્ડમાં બાયોમેટ્રિક આઇડી હોય તો તેની નકલ કરવી મુશ્કેલ હોય છે, આથી તે સલામત વિકલ્પ છે.

➢ નાનો ફાયદો

- એક નાનો ફાયદો તો એ છે કે કેશલેસ હોવાથી તમે નાના પાયે ઉધાર માંગનારાઓથીબચી શકો છો. બીજી શાંતિ એ છે કે તમે છુટ્ટા કે બીજા કશાની ચિંતા કર્યા વગરદુકાનદારને જે રકમ છે તેની જ ચૂકવણી કરી શકો છો.
- કાળાધનની શક્યતા ઓછી થઇ શકશે.
- ટેક્ષ કલેક્શન વધશે.
- સરકારી મશીનરીમાં ફેલાયેલો ભ્રષ્ટાચાર ઓછો થશે.
- નોટોનો પ્રિન્ટીંગ ખર્ચ ઘટાડી શકાશે.
- ઈલેક્ટ્રોનિક લેવડ દેવળ થી સમય બચશે.
- અર્થતંત્ર મજબુત બનશે.
- નકલી નોટોનો પર્દાફાશ.
- સરકાર ટેક્ષ સરળતાથી વસુલી શકશે.
- રોકડ ચોરી અને લુંટ ફાટ પર અંકુશ લાવી શકાશે.

૬. ડીજીટલ ટ્રાન્ઝેક્શનનાં પડકારો

➢ ઓળખ ચોરાઈ જવાનું જોખમ

- સૌથી મોટો ડર ઓળખની ચોરીનો છે. આપણે પોતે સાંસ્કૃતિક રીતે ડિજિટલ વ્યવહારો પ્રત્યે સાનુકૂળ વલણ ધરાવતા નથી, શિક્ષિત લોકો પણ છેતરપિંડી ના છટકામાં સપડાઈ જાય છે. તેથી ઓનલાઇન છેતરપિંડીના બનાવ વધી રહ્યા છે ત્યારે હેકિંગનો જોખમ ડિજિટલ પ્લેટફોર્મ પર આવનારા વધુને વધુ લોકો પર આવશે. સોદાનું કદ ગમે તેટલું હોય પણ સુરક્ષાના વધુ એક સ્તરની ગેરહાજરી હજારો લોકોને તેમની ઓળખની ચોરીના જોખમ આગળ ખુલ્લા કરી દેશે.

➢ ફોન ગુમ થવો

- તમે બધા જ વ્યવહારો માટે તમારા ફોન પર આધારિત થઈ જશો. જો તેને ગુમાવો તો બેવડો ફટકો પડી શકે તેમ છે. આ સંજોગોમાં રોકડની ભૌતિક સ્વરૂપમાં ગેરહાજરીકે બીજા કોઈ પેમેન્ટ વિકલ્પના અભાવે તમે અસહાય થઈ શકો છો. તમે ખાસ કરીને વિદેશમાં કે નાના શહેરો કે ગામડામાં પ્રવાસ કરતાં હોવ જ્યાં બેન્કિંગ વ્યવહાર કે બીજા કોઈ પેમેન્ટ વિકલ્પ નથી ત્યાં વધારે મુશ્કેલીભરી છે. બીજું એક મહત્વનું પાસું તમારા ફોનનું ચાર્જિંગ ખતમ થઈ જવું કે તે હેંગ થઈ જવો તે છે.

➢ જુના વલણ વાળા વ્યક્તિઓને મુશ્કેલી

- ભારતમાં ૨૦૧૬ સુધીમાં ઇન્ટરનેટનો વ્યાપ ૩૪.૮ ટકા હતો અને ૨૦૧૫ સુધી માંબધા મોબાઇલ ફોન વપરાશકર્તાંમાંથી ૨૬.૩ ટકા પાસે જ સ્માર્ટફોન હતો. અહીં સૌથી મોટી મુશ્કેલી માનસિક વલણમાં ફેરફારની છે. તમારે ડિજિટલ પ્લેટફોર્મમાં ત્રણ પેઢીને એક ફૂદકે સાથે લઈ આવવાની છે. જૂના લોકોને વધારે તકલીફ પડશે.

❖ વધુ પડતો ખર્ચ

- તમારી પાસે કાર્ડ કે વોલેટના સ્વરૂપમાં ખર્ચ કરવાના સુગમ સાધન હોવાથીતમને.
- અશિક્ષિત નાગરિકોમાં રોજીંદા જીવન વ્યવહારમાં અવરોધ.
- અશિક્ષિત નાગરિકો સાથે છેતરપીંડી.
- ગ્રામ્ય સ્તરે ઈન્ટરનેટ સુવિધાઓનો અભાવ.
- ગ્રામ્ય વિસ્તારમાં બેન્કિંગ સીસ્ટમ જાણકારીનો અભાવ.

૭. ડીજીટલ ટ્રાન્ઝેક્શનમાં ધ્યાન રાખવાની બાબતો

કેન્દ્ર સરકાર દેશમાં રોકડ લેણ-દેણનાં સ્થાન પર Digital Payment અને ઈ-વોલેટદ્વારા કેશલેસ ઈકોનોમી પર જોર આપી રહી છે. જોકે, આ સૌથી પહેલા જરૂરી છે કે, તમે પોતાના ડેટાને ઓનલાઈન ચોરી થવાથી બચાવવા માટેનાં કેટલાંક બેઝિક ઉપાય જાણી લો.

ટુ સ્ટેપ ઓથેન્ટિકેશન

સામાન્ય રીતે કોઈ ખાનગી ડેટા ચોરી ઈ-મેઈલ અથવા ફેસબુક જેવા સોશિયલ મીડિયાઅકાઉન્ટથી કરવામાં આવે છે. કેટલાક સોશિયલ મીડિયા અકાઉન્ટને હેક કરવાનુંઘણું સરળ બની જાય છે. તેવામાં તમે પોતાના ઈન્ટરનેટ પર સુરક્ષિત રાખવા માંગોછો તો ઈમેઈલને ટૂ-સ્ટેપ ઓથેન્ટિકેશન મોડમાં રાખો. ટૂ-સ્ટેપ ઓથેન્ટિકેશનમોડની અંતર્ગત અકાઉન્ટ લોગીન કરતા જ પાસવર્ડ સાથે ટેક્સ્ટ મેસેજ અથવાઈ-મેઈલ દ્વારા વેરિફિકેશન કરી શકાય છે.

પાસવર્ડની પસંદગી

પાસવર્ડમાં ક્યારેય પણ તે વર્ડ્સનો ઉપયોગ ન કરો જે ડીક્ષનરીમાં સરળતાથીમળી જાય છે. તેની સાથે તમે password1234 ની જગ્યાએ 'pas1s2wo34rd' પસંદ કરોછો તો તે વધારે સિક્યોર છે.

એનક્રિપ્ટેડ મેસેજિંગ સર્વિસ

જો તમને પણ મેસેજ પર ચેટ કરવી પસંદ છે તો ધ્યાનમાં રાખો કે, તમે એવીમેસેજિંગ એપનો ઉપયોગ કરો જે એનક્રિપ્ટેડ હોય. એટલે કે, તમારા મેસેજ ઇચ્છીનેપણ કોઈ ત્રીજી વ્યક્તિ ન વાંચી શકે. વ્હોટ્સઅપ અને Signal એવી બે મેસેજિંગસર્વિસ છે જે આ સુવિધા આપે છે.

Incognito બ્રાઉઝર

લગભગ બધા બ્રાઉઝર્સમાં Incognito મોડ હોય છે. તેના ઉપયોગથી યુઝરનીહિસ્ટ્રી અને ડેટા સેવ નથી થતા, એટલું જ નહી, જો તમે અકાઉન્ટ લોગઆઉટ પણ નથીકરી શક્યા તો બ્રાઉઝર બંધ કરતા જ તમે ઓટોમેટીક લોગઆઉટ થઇ જશો.

હાર્ડ ડ્રાઈવમાં રાખો Encrypt ડેટા

શું તમે જનો છો કે, પર્સનલ કોમ્પ્યુટરનો ડેટા પણ ઘણી હદ સુધી સિક્યોર નથી.તેથી જ હંમેશા હાર્ડ ડ્રાઈવમાં રહેલ ડેટાને ડેટા એનક્રિપશન દ્વારા સિક્યોરરાખવાની સલાહ આપે છે. તેથી જ વિન્ડો યૂઝર્સ BitLocker તેમજ એપલ મેક યૂઝર્સ File Vault નો ઉપયોગ કરી શકે છે. તે સિવાય, હંમેશા પોતાનાં વેબકેમને પણટેપથી ઢાંકીને

- તમારો મોબઈલ નંબર બેંકના ટ્રાન્ઝેક્શન માટે રજીસ્ટર કરવો.
- પોતાનો અંગત પીન અથવા પાસવર્ડ કોઈને જનાવસો નહિ.
- ફક્ત ભરોસાપાત્ર મરચન્ટ પાસે જ ટ્રાન્ઝેક્શન કરવું.
- ATM પર ટ્રાન્ઝેક્શન કરતી વખતે બીજાની નજર ના પડે તેની કાળજી રાખવી.

૮.ડીજીટલ ટ્રાન્ઝેક્શનમાં યુવાનોની ભૂમિકાઓ

- શાળાના અભ્યાસક્રમમાં કેશલેસ સોસાયટીનો અભ્યાસક્રમ દાખલ કરવો.
- શિક્ષકોએ કેશ લેસ વ્યવહારના ફાયદા સમજાવવા.
- કેશ લેશ વ્યવહાર કેવી રીતે થઇ શકે તેની સમજ વિદ્યાર્થીઓને આપવી જેમકે, મોબાઈલ વોલેટ, પ્લાસ્ટિક મની, નેટ બેન્કિંગ.
- બેંક મેનેજરને શાળામાં બોલાવીને ચર્ચા ગોઠવી શકાય.
- વિદ્યાર્થીઓ પોતાના વાલીઓમાં આવા વ્યવહાર કરવાનો આગ્રહ રાખે.

૯. સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાં

❖ ૯.૧ ટૂંકા ગાળાના પગલાં

- કાર્ડ અને ડીજીટલ રીતે ચુકવણી કરવાની પદ્ધતિને પ્રોત્સાહિત કરવા ટૂંકા ગાળાના પગલા જે એક વર્ષ સુધી અમલીકૃત રહેશે. જેની વિગતો નીચે મુજબ છેઃ

ક. સરકારી ચૂકવણા અને ઉઘરાણીમાં કાર્ડ ડિજિટલ વ્યવહારને પ્રોત્સાહન આપવું:

- સરકારી વિભાગો/ સંસ્થાઓ, કેન્દ્રીય જાહેર ક્ષેત્રનાં સાહસો/ એન્કર નેટવર્કે અહીં જણાવેલ પગલાં લેવા જોઇએઃ **(ક)** જરૂરી ચીવસ્તુઓ, સેવા આપનારા, પેટ્રોલ પંપ, ગેસ એજન્સી, રેલ્વે ટિકિટ આરસીટીસી, ટેક્ષ વિભાગ, સંગ્રહાલયો, સ્મારકો વગેરે માટે કાર્ડ ડિજિટલ પેમેન્ટ કરનારા ગ્રાહકો પરથી કન્વિનિયન્સ ફિલ સર્વિસ સરચાર્જ હટાવવા, **(ખ)** અન્ય મર્ચન્ટની જેમ એમડીઆર ખર્ચ ભોગવવા યોગ્ય પગલાં લો, અને **(ગ)** સ્વીકારવા માટેનું માળખું તૈયાર કરો (POSI મોબાઇલ POS ટર્મિનલ્સ) જેથી દરેક કલેક્શન સેન્ટર પર ડિજિટલ પેમેન્ટ કાર્ડ દ્વારા સ્વીકારી શકાય.
- શહેરી વિકાસનાં રસ્તા, વાહન વ્યવહાર અને હાઇવે મંત્રાલયે ઓપન લૂપ સિસ્ટમનો ઉપયોગ કરવા માટે સહયોગ કરવો જે બેંક દ્વારા મલ્ટીપરપઝ વપરાશ માટે આપવામાં આવે છે, ટ્રાન્સિટ પેમેન્ટ કરવા સહિત, અલાયદા એપ્લિકેશન. (ઉદા. ટોલ ફી, મેટ્રો રેલ અને બસ સેવા વગેરે.)
- નાણાંકીય સેવાઓના વિભાગ/આરબીઆઇએ ખાતરી કરવી કે પીએસજેડીવાય અંતર્ગત દરેક લાયકાત ધરાવતા અકાઉન્ટ હોલ્ડરને "RuPay Card' સિવાય વધુમાં ડિજિટલ ફાઇનાન્સ સેવાઓ પ્રાપ્ય બનાવવી.

- ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફર્મેશન ટેક્નોલોજી વિભાગે એક્શન પ્લાન તૈયાર કરવો જેથી સરકારી વિભાગો અને સંસ્થાઓ યોગ્ય માળખા અને રેવન્યુ, ફી, દંડ વગેરે કાર્ડ દ્વારા ડિજિટલ રીતે વસુલ કરી શકે તેવી પદ્ધતિ સ્વીકારે જેમાં "PayGovindia' કે અન્ય કોઇ માળખું હોય અને સ્વીકારવામાં મર્યાદા ન હોય.
- ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફર્મેશન ટેક્નોલોજી વિભાગે 'PayGov India' ને "single unified portal" તરીકે કેન્દ્ર, રાજ્ય સરકાર અને તેમનાં જાહેર સાહસોનાં કલેક્શન માટે વિકસાવવું.

ખ. કાર્ડ/ડિજિટલ ટ્રાન્સેક્શનનાં બહોળા વપરાશ માટે પગલાં:

- નાણાંકીય સેવા વિભાગ/આરબીઆઇએ આ પગલાં લેવા:**(ક)** કાર્ડ ટ્રાન્સેક્શન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર)ને તર્કસંગત કરવું, અને **(ખ)** કેટલાક ચાવીરૂપ વ્યવહાર માટે ડિફરન્શિયેટેડ એમડીઆર માળખું રચવું, જેમકે યુટિલિટી પેમેન્ટ અને રેલ્વે ટિકિટિંગ, સ્ટેકહોલ્ડર્સ સાથે કન્સલટેશનમાં રહીને.
- નાણાંકીય સેવાઓનાં ટેલિકમ્યુનિકેશન્સ વિભાગ. આરબીઆઇએ એકરૂપ યુએસએસડી પ્લેટફોર્મની જોગવાઇ કરવી જે દરેક પેમેન્ટ માળખામાં વ્યવહારોને ટેકો આપે. નાણાંકીય સેવાઓ વિભાગ / આરબીએ મોબાઇલ બેન્કિંગને દ્વારા ઓછા ખર્ચે મોટાં માળખાંને ઉચ્ચાલક બનાવાય.આના અંતે, મોબાઇલ બેંકિંગ રજિસ્ટ્રેશન, એક્ટિવેશન પડકારો, નિયંત્રણ અને ડિજિટલમાં આવતાં પડકારોને ઘટાડવા માટે પગલાં લેવા જોઇએ.

ગ. જાગૃતિ અને ફરિયાદ નિવારણ:

- નાણાંકીય સેવા વિભાગ/આરબીઆઇએ આ પગલાં લેવા જોઇએ:**(ક)** છેતરપિંડીવાળા વ્યવહારની સામે યોગ્ય ખાતરીયુક્ત માળખાંની રચના, જો કોઇ છેતરપિંડીયુક્ત વ્યવહાર થાય તો ગ્રાહકનાં ખાતામાં તે પૈસા પાછા જમા થાય અને બ્લોક થાય અને પછી તપાસ પુરી થયા પછી તે રિલિઝ થાય, વધુમાં વધુ 2-3 મહિના પછીય **(ખ)** બેંકિંગ લોકપાલની ભૂમિકાને વધુ મજબૂત કરવાનો જેથી ગ્રાહકનાં વિશ્વાસમાં વધારો થાય અને **(ગ)** ગ્રાહકો માટે કાર્ડ અને ડિજિટલ વ્યવહારો માટે સંકલિત સુરક્ષા નીતિની રચના કરવી.
- નાણાંકીય સેવા વિભાગ/આરબીઆઇએ એવા પગલાં લેવા જોઇએ જેથી ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડ (ડીઇએએફ) અંતર્ગત ભંડોળ મહત્તમ રીતે વપરાય અને ઓછી રોકડ ધરાવતી સોસાયટી તરફ જાગૃતિ ફેલાવે.

❖ મધ્યગાળાનાં પગલાં

- કાર્ડ દ્વારા પેમેન્ટ કરવાના મધ્યગાળાનાં પગલાં. ડિજિટલ એટલે, જેને બે વર્ષમાં અમલી કરવાનાં હોય તેવાં પગલાં જે નીચે મુજબ છેઃ
- નાણાંકીય સેવા વિભાગ/આરબીઆઇએ મર્ચન્ટ પેમેન્ટ સ્ટાન્ડર્ડ માટે યોગ્ય માર્ગદર્શિકા તૈયાર કરવી અને વિવિધ ઇન્યુ કરનાર અને સ્વીકારનાર નેટવર્ક, ટેલિકોમ, ઇન્ટરનેટ, પ્રિ-પેઇડ સેવા આપનાર અને પેમેન્ટ બેંક વચ્ચે ક્રિયાશીલતા માટે માર્ગદર્શિકા તૈયાર કરવી જેથી પેમેન્ટ અને સેટલમેન્ટ બાબતે મર્ચન્ટ પેમેન્ટ આંતરબાબતીય થાય.
- આર્થિક બાબત વિભાગે એક વધુ સમિતિની રચના કરવી જેમાં મુખ્ય સ્ટેકહોલ્ડર્સ, આરબીઆઇ અને સલંગ્ન સરકારી વિભાગ હોય અને તે દેશની પેમેન્ટ સિસ્ટમની દેખરેખ રાખે. નીચેની બાબતો અને અન્ય બાબતો જે સમિતિ ધ્યાને લઇ શકેઃ
- પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ (પીએસએસ) એક્ટ 2007ની અંદર જો કોઇ બદલાવી જરૂર હોય તો. અને અન્ય કાયદો જે પેમેન્ટ ઇકોસિસ્ટમને અસર કરતો હોય તો તે.
- યુનિક આઇડેન્ટિફિકેશન નંબર કે અન્ય કોઇ ઓળખનો પુરાવો જે કાર્ડનાં ડિજિટલ વ્યવહારની ખાતરી આપે અને સેન્ટ્રલાઇઝ કેવાયસી રજિસ્ટ્રિ સેટ કરે.
- પેમેન્ટ ગેટવે માટે સિંગલ-વિન્ડો સિસ્ટમ શરૂ કરવી જે દરેક પ્રકારનાં કાર્ડને સ્વીકારે. સરકારી આવક માટે ડિજિટલ પેમેન્ટ અને સેટલમેન્ટનો અવકાશ પુરો પાડે.
- નાણાંકીય સેવા વિભાગ/આરબીઆઇએ કાર્ડ હોય અને કાર્ડ ન હોય તે બંનેનાં વ્યવહારો માટે ચોક્કસ રકમ સુધીની મર્યાદામાં ટુ-ફેક્ટર ખાતરીમાં મોકળાશ આપવી જોઇએ.ડીએફએસ/આરબીઆઇ નીચા, મધ્યમ અને ઉચ્ચ વેલ્યુ ટ્રાન્સેક્શન માટે મલ્ટી-ટાયર્ડ ખાતરી માળખાની રચના કરવી જોઇએ.
- રેવેન્યુ વિભાગે ડબર ટેક્સેશન દૂર કરવા પગલાં લેવા, જો હસ્તગત બેંક દવારા એમડીઆર પર સર્વિસ ટેક્સ ભરવામાં આવતો હોય અને ઇસ્યુ કરનાર બેંક દ્વારા ઇન્ટરચેન્જ ફી ભરવામાં આવતી હોય તો.
- જ્યાં જરૂર જણાય ત્યાં, વિભાગો અને મંત્રાલયોએ નિયમો અને ધોરણોમાં સુધારા લાવવા, જે મુજબ જણાવવામાં આવેલ હોય તે મુજબ, જેથી યોગ્ય બદલાવ કાર્ડનાં વપરાશ દ્વારા ડિજિટલી પેમેન્ટ સ્વીકારી શકાય. કોઇપણ સરકારી વિભાગ એજન્સી દ્વારા રોકડ ચૂકવણાંને પરવાનગી હોવી જોઇએ, ચોક્કસ સંજોગોમાં, ચોક્કસ જણાવેલા કારણો સાથે.
- રેવન્યુ વિભાગ અને નાણાંકીય સેવાઓ વિભાગે નક્કી કરેલ મર્યાદા ઉપરનાં પેમેન્ટ કાર્ડ કે ડિજિટલ કે કેશલેસ જ કરવા ફરજિયાત બનાવવા.

➢ ઘ. સ્વીકારવાનું માળખું તૈયાર કરવું:

- નાણાંકીય સેવા વિભાગ/આરબીઆઇએ ફોર્મ્યુલા લિંક્ડ માળખું રજૂ કરવું જેમાં વિવિધ સ્ટેકહોલ્ડર્સ ચોક્કસ કાર્ડ ઉત્પાદનો દ્વારા પીઓએસ ટર્મિનલ/ મોબાઇલ પીઓએસ ટર્મિનલને કાર્ડ કે અન્ય માધ્યમો દ્વારા ઇસ્યુ કરતાં હોય. એક્સેપ્ટન્સ તૈયાર કરવાની શક્યતા અને નાણાંકીય સમાવિષ્ટતા ફંડને દરેક હેતુ માટે ચકાસવું જોઇએ.
- નાણાંકીય સેવા વિભાગ/આરબીઆઇએ પીએમએસ કાયદા અને ધોરણો અંતર્ગત જરૂરિયાતોનું પુનઃપરિક્ષણ કરવું જોઇએ, એકસરખાં કેવાયસી ધોરણોની રચના માટે જે દરેક પેમેન્ટ માટે દરેક સત્તાવાર ઓળખ કરતાં હોય, જેમાં યુનિક આઇડેન્ટિફિકેશન નંબર કે અન્ય ઓળખનાં પુરાવાનો પણ સમાવેશ થતો હોય. વિવિધ સ્તરીય કેવાયસીનો પરિચય કરવા વિવિધ પગલાં જેમાં નીચા, મધ્યમ અને ઉચ્ચ કિંમતનાં વ્યવહારો કાર્ડ અને ડિજિટલ સાધનો અને કાર્ડ દ્વારા થતાં હોય.
- નાણાંકીય સેવા વિભાગ/આરબીઆઇએ મર્ચન્ય એક્વિઝિશન માર્ગદર્શિકામાં સુધારો અને સરળતા લાવવી જેથી યુનિક આઇડેન્ટિફિકેશન નંબર કે અન્ય ઓળખ આધારિત ઇકેવાયસી મર્ચન્ટ માટે સમાવી શકાય.
- નાણાંકીય સેવા વિભાગ/આરબીઆઇ ચોક્કસ રકમ માટે કેશઆઉટ વધારવા પગલાં લેવા, કાર્ડ અને ડિજિટલ સાધનો દ્વારા પોઇન્ટ ઓફ સેલ (PoS) પર.

➢ ચ. મોબાઇલ બેંકિંગ પેમેન્ટ ચેનલને પ્રોત્સાહન:

- ટેલિકમ્યુનિકેશન વિભાગે યુએસએસડી ચાર્જિસનાં ઘટાડા માટે યોગ્ય પગલાં લેવા જોઇએ અને ગ્રાહકો અને મર્ચન્ટ વચ્ચે માત્ર સફળ ટ્રાન્સેક્શન પર એનપીસી કે અન્ય એજન્સી દ્વારા સમયમર્યાદામાં ચાર્જ લેવા.
- દરેક કાર્ડ/ડિજિટલ પેમેન્ટ માટે પેમેન્ટ હિસ્ટરી તૈયાર કરવા પ્રાથમિક અભ્યાસ અને નિયમો ઘડવા અને મર્ચન્ટનાં ગ્રાહકો તેમની ક્રેડિટ હિસ્ટરીનો ઉપયોગ કરને, ત્વરિત, ઓછી-ખર્ચાળ માઇક્રો ક્રેડિટ ડિજિટલ માધ્યમો દ્વારા મેળવી શકે અને હિસ્ટરી અને ક્રેડિટ માહિતી વચ્ચે જરૂરી જોડાણ ડિજિટલ માધ્યમો દ્વારા કરી શકે.

૧૦.સંદર્ભ સામગ્રી

- નવગુજરાત સમય અંક ૧૧ ડિસેમ્બર ૨૦૧૬
- www.npci.org.in
- www.cert-in.org.in
- www.upipayments.co.in
- www.sbi.co.in
- www.paytm.com
- www.vishvagujarat.com
- www.gu.vikaspedia.in
- www.bgr.in
- joyalmakwana.blogspot.in
- પ્રો. ધવલ મહેતા(નવરચના યુનીવર્સીટી) ના તાલીમ કાર્યક્રમના અંશો.

કોસ્મો ફાઉન્ડેશન પરિચય

આજના યુગમાં વિકાસનાં માધ્યમથી ઉદ્યોગ, વ્યવસાય, સેવા, અને શિક્ષણ એક બીજાનાં પુરક બન્યા છે. વિકાસની નિરંતર યાત્રામાં, કેટલાંક ઔદ્યોગિક સમુદાય સામજિક દાયિત્વનાં ભાગ રૂપે, પોતાના ઔદ્યોગિક સંકુલની આસપાસ આરોગ્ય, શિક્ષણ, આંતર માળખાકીય સુવિધાઓ સમાજનાં વર્ગોને ઉપલબ્ધ કરાવી રહ્યા છે. જેમાનું એક ઔદ્યોગિક એકમ છે કોસ્મો ફિલ્મ્સ.

કરજણ સ્થિત નવી જીથરડી ગામમાં કોસ્મો ફિલ્મ્સ ફિલ્મ્સનું ઉત્પાદન કરે છે. કોસ્મો ફાઉન્ડેશનએ કોસ્મો ફિલ્મ્સ કંપની દ્વારા પ્રસ્થાપિત એક શૈક્ષણિક પાંખ છે. જે કરજણ તાલુકાની આસ પાસનાં ગ્રામ્ય વિસ્તારની સ્થાનિક પ્રાથમિક શાળાઓ તેમજ સરકારી(ગ્રાન્ટેડ) શાળાઓ સાથેનાં સહિયારા પ્રયાસથી વિનામૂલ્યે પાયાના કોમ્પ્યુટર, અંગ્રેજી શિક્ષણ તેમજ કોસ્મો જ્ઞાન વિહાર કેન્દ્રનાં માધ્યમથી વાંચન લેખન, ગણન અને જીવન કૌશલ્ય શિક્ષણનું કાર્ય કરી રહેલ છે. હાલમાં વિવિધ કાર્યક્રમો અંતર્ગત ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ લાભ મેળવી રહ્યા છે.

સમગ્ર ભારતના પ્રત્યેક તહેવારો અને રાષ્ટ્રીય પર્વોની ઉજવણી કરવામાં આવે છે અને તેની પાછળનો ગર્ભિત મહિમા જે સમાજનાં પ્રત્યેક જૂથને એકસૂત્રમાં સંગઠિત રાખી ભારતનાં બંધારણમાં નિર્દેશિત સિદ્ધાંતોને ભાવીમાં ઉજાગર કરે છે. શૈક્ષણિક વર્ષ દરમિયાન શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને દર વર્ષે કોમ્પ્યુટર પુરસ્કાર પ્રદાન કરે છે. તદ્ ઉપરાંત પ્રતિવર્ષ બાળમેળા, સ્વચ્છતા અભિયાન, વાલી સંપર્ક, સમુદાય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. કોસ્મો ફોઉન્ડેશન ભારત સરકાર ની નીતિઓ જેમકે ડીજીટલ ઇન્ડિયા, સ્કીલ ઇન્ડિયા,સ્વચ્છ ભારત અભિયાન, શિક્ષણનો અધિકાર સંલગ્ન કાર્યક્રમો વિકસાવી આનીતિઓનો અસરકારક રીતે ગ્રામીણ વિસ્તાર સુધી પહોચાડવા કટિબદ્ધ રહયું છે. આ કાર્ય સ્થનિક વિસ્તારના યુવાન ભાઈઓ/બહેનોની શિક્ષક તરીકે પસંદગી કરી હાથ ધરવામાં આવેલ છે.